| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તારીખ : ૧૧/૦૧/૨૦૨૧ | | |
| રજિસ્ટર તારીખ | તારીખ :૧૧/૦૧/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | તારીખ: ૦૮/૦૫/૨૦૨૪ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | |

<u>આંક:– ૪૮</u>

IN THE COURT OF
7 th Additional District & Session Judge, Ahmedabad (Rural),
Navarangpura, Ahmedabad.

Date of Judgement : 08.05-2024

Case No. **SESSION CASE NO. 02/2021**

Details of F.I.R /Crime and Police Station :
સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૫૨૦૦૧૫૦૪/૨૦૨૦
ઈ.પી.કો. કલમ–૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪–ખ તથા
દહેજ પ્રતિબંધક ધારાની ક: ૩,૭ મુજબ.

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત |
| REPRESENTED BY | **વિ.એ.પી.પી. શ્રી આર. પી. ઠાકર** |
| ACCUSED | ૧. મહેશ શ્યામરાજ કોરી<br>૨. સુરેશભાઈ શ્યામરાજ કોરી<br>૩. કુલમતી શ્યામરાજ કોરી.<br>૪. ખુન્ના ઉર્ફે બિમલા શ્યામરાજ કોરી.<br>૫. શ્યામરાજ બ્રીજલાલ કોરી.<br>તમામ રહે. ૩૧૩, રણછોડનગર વિભાગ–૩,<br>જગતપુર, ચાંદલોડીયા, અમદાવાદ. |
| REPRESENTED BY | **વિ.વ. શ્રી ઓ. એચ. ઉપાધ્યાય** |

| | |
|---|---|
| Date of Offence | તા: ૨૯/૦૬/૨૦૨૦ |

| | |
|---|---|
| Date of F.I.R | તા: ૨૯/૦૬/૨૦૨૦ |
| Date of Chargesheet | તા: |
| Date of Framing of Charges | તા: ૩૧/૦૮/૨૦૨૧ |
| Date of commencement of evidence | તા: ૨૬/૦૫/૨૦૨૨ |
| Date of which judgement is reserved | તા: ૨૨/૦૨/૨૦૨૪ |
| Date of the Judgement | તા: ૦૮/૦૫/૨૦૨૪ |
| Date of the Sentencing Order, if any | |

## Accused Details

| Sr. No. of accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨.<br>૩.<br>૪.<br>૫. | ૧. મહેશ શ્યામરાજ કોરી<br>૨. સુરેશભાઈ શ્યામરાજ કોરી<br>૩. કુલમતી શ્યામરાજ કોરી.<br>૪. ખુન્ના ઉર્ફે બિમલા શ્યામરાજ કોરી.<br>૫. શ્યામરાજ બ્રીજલાલ કોરી.<br>તમામ રહે. ૩૧૩, રણછોડનગર વિભાગ-૩, જગતપુર, ચાંદલોડીયા, અમદાવાદ. | તા:૮/૦૭/૨૦ | આરોપી નં. ૧,૨ રેગ્યુલર જામીન પર છે. જ્યારે બાકીના આરોપી નં. ૩ થી ૫ આગોતરા જામીન પર છે. | સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ -એ ગુ.ર.નં. ૧૧૧૯૧ ૦૪૫૨૦૦૧ ૫૦૪/૨૦૨૦ ઈ.પી.કો.કલમ -૩૦૬, ૪૯૮ (ક), ૩૨૩, ૨૯૪-ખ,તથા દહેજ ધારાની ક: ૩,૭ મુજબ. | Acquitted | | |

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, ECPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW 1 | ગયાપ્રસાદ ઉદયરાજ બાબુની સોંગદપરની જુબાની આંક: ૧૨ | ફરિયાદી. /ભોગ બનનારના પિતા |
| PW 2 | માયાદેવી ગયાપ્રસાદ કોરીની સોંગદપરની જુબાની. આંક: ૧૫ | ફરિયાદીના પત્ની અને ભોગ બનનાર માતા. |
| PW 3 | શિવપ્રસાદ ભવાની પ્રસાદ કોરીની સોંગદપરની જુબાની આંક: ૧૬ | સાહેદ |

| | | |
|---|---|---|
| PW4 | રક્ષારામ અવધરામ કોરીની સોંગદપરની જુબાની આંક: ૧૭ | સાહેદ |
| PW5 | કિરણ પરસોત્તમભાઈ પંચાલની સોંગદપરની જુબાની આંક: ૨૪ | પંચ સાહેદ નં.૧ રીકવરી પંચનામા આંક:૨૫ |
| PW6 | નારાયણ રામકેદાર કોરીની સોંગદપરની જુબાની આંક: ૨૬ | પંચ સાહેદ નં.૨ રીકવરી પંચનામા આંક:૨૫ |
| PW7 | રશ્મીકાંત બાબુલાલ મજમુદારની સોંગદપરની જુબાની આંક: ૨૭ | સાયન્સટીફીક ઓફિસર એફ.એલ. એલ. |
| PW8 | ઉમાકાંત ગણપતરામ યાદવની સોંગદપરની જુબાની આંક: ૨૯ | આંક: ૩૦ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં. ૨ |
| PW9 | ડોકટર રીનાબેન કૌશિકભાઈ ચોકસીની સોંગદપરની જુબાની આંક: ૩૦ | મેડીકલ ઓફિસર |
| PW10 | શૈલેષભાઈ જાનીયાભાઈ વસાવાની સોંગદપરની જુબાની આંક: ૩૫ | પી.એસ. આઈ. |
| PW11 | મુકેશભાઈ અમરાભાઈ પટેલની સોંગદપરની જુબાની આંક: ૩૭ | મદદનીશ પો.કમીશ્નર ''એ''ડીવીઝન |
| PW12 | તૃપ્તી રમણીકભાઈ અકબરીની સોંગદપરની જુબાની આંક: ૪૦ | પી.એસ.આઈ. |
| PW13 | મુકેશભાઈ અમરાભાઈ પટેલની સોંગદપરની જુબાની આંક: ૪૫ | એ.સી.પી. '' એ''ડીવીઝન |
| PW14 | પુરાવા બંધની પુરસીસ સરકાર તરફે આંક: ૪૬ | સરકાર તરફે પુરાવા બંધની પુરસીસ |

District & Sessions Court Ahmedabad(Rural) સત્યમેવ જયતે

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

### A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | Exihibit P-13/PW1 | ફરિયાદ. |
| 2. | Exihibit P-25/PW5 | રીકવરી પંચનામુ. |
| 3. | Exihibit P-28/ PW7 | પોલીસે આપેલ સ્થળ યાદી. |
| 4. | **Exihibit P-29/PW7** | સ્થળ પરીક્ષણ રીપોર્ટ |
| 5. | Exihibit P-30/ PW8 | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| 6. | Exihibit P-31/ PW9 | પોલીસ યાદી. |
| 7. | Exihibit P-32/ PW9 | ઈન્કવસ્ટપંચનામુ. |
| 8. | Exihibit P-33/ PW9 | મરણોત્તર ફોર્મ. |
| 9. | Exihibit P-35/ PW9 | પી.એમ. નોટ. |
| 10. | Exihibit P-36/ PW10 | સ્ટેશન ડાયરી. |
| 11. | Exihibit P-38/ PW11 | સુચીપત્ર. |
| 12. | Exihibit P-41/ P12 | લગ્નની કંકોત્રી. |
| 13. | Exihibit P-42/ P12 | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલી આપે લ તેની પહોંચ. |
| 14. | Exihibit P-43/ P12 | ફોરવર્ડીંગ |
| 15. | Exihibit P-44/ P12 | અભિપ્રાય. |

### D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | MO | **મુદ્દામાલ પાવતી નંબર: ૨૦૨/૨૦૨૦ તા: ૨૭/૬/૨૦૨૦**<br>**એક સાડી** |

/// ઠ રા વ /

(૧).. આ કામના ફરિયાદી ગયાપ્રસાદ સ/ઓ. ઉદયરાજ બાબુ જાતે કોરી ઉ.વ. ૩૮, ધંધો: છુટક મજુરી, રહે. ગામ– નકહા બસંત ડીહા પોસ્ટ બાલપુર, તા. કોલોનગંજ, જીલ્લા – ગોન્ડા, ઉત્તરપ્રદેશ મો.નં.૬૨૮૪૧૨૮૦૮૨ તથા ૯૯૫૬૪૩૨૭૩૫નાઓએ તા: ૨૯/૦૬/૨૦૨૦ નારોજ મદદનીશ કમિશ્નરે ડીવીઝન રુબરુમાં હાજર થઈ ફરિયાદ હકીકત લખાવતા એવી વિગતે ફરિયાદ નોંધાવેલ છે કે,

તેઓ દર્શાવેલ તેમના વતન તેમના પરિવાર સાથે રહે છે અને તેઓ છુટક મજુરી કરી તેઓનુ તથા તેમના પરિવારનુ ગુજરાન ચલાવે છે અને તેમના પરિવારમાં તેમની પત્ની માયાદેવી તથા તેમને સંતાનમાં ૩ દિકરી તેમજ બે દિકરા છે. તેમાં સૌથી મોટી દિકરી મનુદેવી ઉ.વ. ૨૧ ના લગ્ન આજથી બે વર્ષ પહેલા તેમના ગામની બાજુમાં આવેલા ગામ પડરીયા પોસ્ટ ગુડસરી જી. ગોન્ડા, ઉત્તર પ્રદેશ જે હાલમા રહે. મકાન નં.૩૧૩/ રણછોડરાય નગર, વિભાગ–૩, જગતપુર રોડ, ચાંદલોડીયા, અમદાવાદ શહેરના રહેવાસી, શ્યામરાજ કોરીના બીજા નંબરના દિકરા મહેશ સાથે સમાજના રીત રિવાજ મુજબ થયેલા હતા, અને લગ્ન વખતે તેઓએ તેમની દિકરીને યથાશકિત પ્રમાણે કરીયાવરમાં ઘર વખરીની ચીજવસ્તુઓ આપેલી હતી અને તેઓની દિકરીના લગ્ન બાદથી તેની સાસરીમાં જ રહેતી હતી અને તેનાથી નાનુ અનુ ઉ.વ. ૧૭ ની તથા તેનાથી નાની નીલા ઉ.વ.૧૨ ની તથા તેનાથી નાનો દિકરો સાગર ઉ.વ. ૯નો તથા સૌથી નાનો દિકરો ગોપાલ ઉ.વ. ૫ નો છે અને તે તમામ તેઓના ઉપરોકત સરનામે તેઓની સાથે રહે છે.

વધુમાં તેઓએ ફરિયાદમાં જણાવેલ છે કે, તેમની દિકરી મનુ તેના લગ્ન બાદથી તેમના સમાજના રીત રિવાજ પ્રમાણે તેના ઉત્તર પ્રદેશના પડરીયા ખાતેના સાસરીયામાં રહેવા સારુ ગયેલી હતી અને ત્યાં અઠવાડીયુ રોકાઈને પરત તેઓના ઘરે રહેવા સારુ આવી ગયેલી હતી, અને તેઓના ઘરે એકાદ બે મહીના જેવુ રોકાઈને તેના સાસરીપક્ષવાળા લેવા સારુ આવતા તે તેના પતિ સાથે ગુજરાતમાં તેની સાસરી અમદાવાદ

ચાંદલોડીયા ખાતે તેના પતિ સાથે રહેવા આવી ગયેલી હતી, અને ત્યાં એકાદ મહીના જેવુ તેઓની દિકરીને સારુ રાખેલ અને એકાદ મહીના બાદ તેઓની દિકરીનો તેઓની પત્ની ઉપર ફોન આવેલ અને તેઓની દિકરીએ જણાવેલ કે, તેણી ઘરમાં મોડી ઉઠે તો અને ઘરમાં કામકાજ કરવા જેવી નાની નાની બાબતે તેણીની સાસુ બોલાચાલી કરી ઝઘડો કરતી રહે છે અને તેમ જણાવતા તેઓની પત્નીએ તેઓની દિકરીને સમજાવેલ કે આ તો ઘર સંસાર છે અને હવે તારે ત્યાં જ રહેવાનુ છે તેથી તારો સંસાર સાચવ તેમ કહી તેઓની દિકરીને સમજાવેલી હતી અને તેઓની દિકરી તેણીનો ઘર સંસાર બગડે નહી તે સારુ તેની સાસરીમાં રહેતી હતી, અને તે બાદ થોડો સમય સારુ રાખી તેઓની દિકરીની સાસુ નાની બાબતોમાં બોલાચાલી ઝઘડો કરી મારઝુડ કરતા હતા અને તેનુ ઉપરાણુ લઈને તેના સસરા પણ તેઓની દિકરીને અવાર નવાર મહેંણા ટોણા મારતા હતા અને ગંદી ગાળો બોલતા હતા, અને કહેતા હતા કે લગ્ન વખતે તારા બાપાએ કાંઈ આપ્યુ નથી અને તેથી તારા બાપને કહે પૈસા આપે અને મારા દિકરાને ગાડી લઈ આપે અને તેથી તેઓની દિકરીએ તેના પતિને આ બાબતે જાણ કરેલી અને જણાવેલ કે પપ્પા અને મમ્મી દહેજમાં ગાડી અને પૈસા માંગે છે અને તેના પતિએ તેઓની દિકરીને માર મારી ગંદી ગાળો આપી કહેલ કે જો તારે ઘરમાં રહેવુ હોય તો મારા માતાપિતા કહે છે તેમ તારે કરવુ પડશે અને તારે પૈસા અને ગાડી તો અપાવવી જ પડશે અને તેથી તેઓની દિકરીએ કંટાળીને તેઓને તથા તેમની પત્નીને ફોન કરીને જણાવેલ કે મારા સાસુ સસરા તથા પતિએ મારી પાસે પૈસાની અને ગાડીની માંગણી કરે છે, તો તારે એ આપવી જ પડશે અને નહી આપે તો ઘરમાંથી કાઢી મુકશે જેથી મને લેવા માટે આવો અને તેથી તેઓ તેમની દિકરીને લેવા માટે ઓગષ્ટ ૨૦૧૯ માં તેના ઘેર ગયેલા, અને તેને લઈને પરત તેમના ઘરે ઉત્તર પ્રદેશ ખાતે લઈ ગયેલા અને ત્યાં તેઓની દિકરીએ તેઓને તથા તેમની પત્નીને આ બધી જાણ કરેલી, કે તેણી અમદાવાદ સાસરીમાં હતી ત્યારે તેના પતિએ તેને પટ્ટા વડે તથા સાસુ સસરા અને જેઠ સુરેશભાઈએ તથા નણંદ ખુન્નાએ કપડા ધોવાના ધોકા વડે ભેગા થઈને માર મારેલો હતો, અને તે વાત જણાવતા તેઓની પત્નીએ મારી દિકરીની સાસુને કહેલ કે તમે લોકો કેમ મારી દિકરીને હેરાન પરેશાન

કરીને માર મારો છો તેમ કહીને સમજાવવા જતા તેઓની દિકરી તથા તેમની પત્ની સાથે ઝઘડો કરેલો, અને તે બાદ તેઓની દિકરીની સાસુએ તેમને વિશ્વાસ અપાવેલ કે હવે અમો બધા તમારી દિકરીને હેરાન પરેશાન કરશું નહી તમે તમારી દિકરીને પરત મોકલો તેમ જણાવતા તેઓને તેમની દિકરીનુ ભવિષ્ય સારુ રહે તે માટે થઈ પરત મોકલી હતી, ત્યારબાદ એકાદ મહીના જેટલુ સારુ રાખેલુ, અને ફરીથી તેઓની દિકરીને તેના સાસુ સસરા તથા તેના પતિ તથા નણંદ તથા જેઠનાઓએ ઘરમાં નાની નાની વાતે મારઝુડ કરી અસહય ત્રાસ આપતા હતા, અને તે ત્રાસ સહન ના થતા તેઓની દિકરી ફોન કરીને તેઓની પત્નીને જણાવતી હતી, પરંતુ તેઓની દિકરીનો ઘર સંસાર સારી રીતે ચાલે તે માટે થઈ તેઓ તેમની દિકરીને સમજાવતા હતા તેમ છતાં તેઓની દિકરીના સાસુ સસરા અને પતિ તથા નણંદ અને જેઠ મારઝુડ કરી અસહય ત્રાસ ગુજારી શારીરીક માનસિક યાતનાઓ આપેલ હોય અને તે તેઓની દિકરીથી સહન થયેલ ના હોય, જેથી તા:૨૫/૬/૨૦૨૦ ના રોજ રાતના અગિયાર એક વાગ્યાના સુમારે તેઓની દિકરીનો તેમના ઉપર મોબાઈલ ફોન આવેલ હતો અને ફોનમાં તેઓની દિકરીએ રડતા રડતા કહેલ કે તેના પતિ તથા સાસરી પક્ષના લોકો તેણીને ખુબ જ ત્રાસ આપે છે અને ખુબજ મારઝુડ કરે છે અને દહેજ પણ માંગે છે અને ત્રાસ તેણીથી સહન થતો નથી અને તેણીને આવીને લઈ જાવ અને જો નહી લઈ જાવ તો તેણી તેનુ જીવન ટુંકાવી દેશે તેમ જણાવેલ અને તેથી તેઓએ તેમની દિકરીને સમજાવેલ કે રડવાનુ બંધ કર અને શાંતીથી રહે કાલે બધુ સારુ થઈ જશે અને તેઓ બધુ સરખુ કરી દેશે અને બીજા દિવસે તા:૨૬/૬/૨૦૨૦ ના રોજ સાંજના આઠેક વાગ્યાના સુમારે તેઓ તેમના ઘેર હાજર હતા અને તે વખતે તેમના જમાઈ મહેશનો ફોન આવેલ હતો અને તેઓએ જણાવેલ કે મન્નુએ કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લીધેલ છે અને હોસ્પિટલમાં દાખલ છે અને તેથી તેઓને વિશ્વાસ આવેલ નાહોય અને તેથી તેઓએ અમદાવાદ ખાતે રહેતા તેઓના સંબંધીને ફોન કરીને ખાત્રી કરેલ હતી અને તેઓને જાણવા મળેલ કે તેઓની દિકરીને ઘરમાં કોઈ કારણસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધેલ છે અને લોક ડાઉન ચાલતુ હોય જેથી મંજુરી મેળવી મારી દિકરીને તેના પતિ અને ઘરના લોકોના ત્રાસના કારણે જે આત્મહત્યા

કરેલ છે તેઓ બધા વિરુધ્ધ ફરિયાદ કરવા આવેલ છું.

આમ, ફરિયાદીની ઉપરોકત ફરિયાદ આધારે પોલીસે આરોપીઓ સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૦૦૧૫૦૪/૨૦૨૦ ઈ.પી.કો. કલમ– ૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪–ખ તથા દહેજ પ્રતિબંધક ધારાની ક: ૩,૭ મુજબનો ગુનો દાખલ કરી આગળની કાયદેસરની તમામ કાર્યવાહી હાથ ધરેલ છે.

(૨).. સદરહુ ગુનાના કામે પોલીસે આરોપીઓની ધરપકડ કરી મહે. જયુ.મેજી.ફ.ક. શ્રીની સમક્ષ રજુ કરતા આરોપીઓને જયુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ હતા અને તે બાદ તેઓએ આક્ષેપીત ગુનાના કામે રેગ્યુલર જામીન પર તથા આગોતરા જામીન પર મુકત થવા સારુ જામીન અરજી કરતા આરોપી નં.૧ અને ૨ ને રેગ્યુલર જામીન પર તથા આરોપી નં. ૩ થી ૫ ને આગોતરા જામીન પર મુકત કરેલા છે અને તે રીતે આરોપીઓ જયુ. કસ્ટડીમાં નથી.

(૩).. સદરહું ગુનાની પોલીસ તપાસ પૂર્ણ થતા પોલીસે આરોપીઓ વિરુધ્ધ સદરહુ ગુનાનું ચાર્જશીટ મે. જયુ.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં રજુ કર્યુ હતુ મે. જયુ.મેજી.ફ.ક. શ્રીએ આવશ્યક કાર્યવાહી કર્યા બાદ સદરહુ કેસ માત્ર સેશન્સ અદાલત ધ્વારા ઈન્સાફી કાર્યવાહીને પાત્ર હોય ક્રિ.પ્રો.કો. કલમ–૨૦૯ મુજબ અત્રેની અદાલતને કમીટ કર્યો હતો. જે અત્રેની અદાલતમાં સેશન્સ કેસ નં.૦૨/૨૦૨૧ થી નોંધણી થઈ આગળની કાર્યવાહી માટે આ અદાલતને ફાળવી આપવામાં આવ્યો હતો.

(૪).. આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપીઓ વિરુધ્ધ સદરહું ગુના અંગે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવતા આરોપીઓએ આપેલ અનુક્રમે આંક–૦૪ થી ૦૮ ના જવાબ અનુસાર ગુનો કર્યાનો ઈન્કાર કરી તેમની સામેના આક્ષેપીત ગુના મુજબની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરી હતી. તેથી

સદરહું કેસ આગળ ચલાવવામાં આવેલ છે. સદરહુ કેસના સમર્થન માટે ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત પ્રફોર્મામાં દર્શાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

(૫).. ઉપરોકત પુરાવા બાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયેલો જાહેર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે જે દરમ્યાનમાં આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો ખોટો હોવાનુ અને તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવે છે. પોલીસે તેઓની સામે ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૬).. ત્યારબાદ વિ. અધિક જિલ્લા સરકારી વકીલશ્રીની મૌખિક રજુઆતો સાંભળી તથા આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રીની રજુઆતો સાંભળી.

(૬.૧).. આ કામે સરકારી વકીલશ્રીએ રજુઆત કરેલી છે કે આ કામના આરોપીઓએ ફરિયાદીની દિકરી મરણ જનાર સાથે નાની બાબતમાં ઝઘડો તકરાર કરી મ્હેંણા ટોણા મારી ગંદી ગંદી ગાળો બોલી તેમજ તારા બાપે દહેજમાં કાંઈ આપેલ નથી તેમજ પૈસા અને ગાડીની માંગણી કરી તેમજ આરોપી નં. ૧નાએ પણ જણાવેલ કે તેઓના માતાપિતા કહે તેમ કરવાનુ તેમજ ગંદી ગાળો બોલી અને જણાવેલ કે તારે ઘરમાં રહેવુ હોય તો પૈસા અને ગાડી તો આપવી જ પડશે તે રીતેનો શારીરીક અને માનસિક ત્રાસ આપતા મરણ જનાર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય અને ફરિયાદીએ તેઓની ફરિયાદમાં કરેલ આક્ષેપ સાબીત કરવા માટે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવઓ રેકર્ડ પર આવેલ છે તે જોતા ફરિયાદી પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડતા હોય તેના પરિણામ સ્વરુપ આરોપીઓને આક્ષેપીત ગુનાના કામે તકસીરવાન ઠરાવી કાયદામાં ઠરાવેલી મહત્તમ સજા તથા દંડ કરવા અરજ કરેલી છે. તેમજ મુળ ફરિયાદી તરફે આંક:૫૦ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આંક:૧૨ થી

ફરિયાદી અને મરણ જનારના પિતાનો પુરાવો જોતા '' બનાવના બે વર્ષ અગાઉ તેમની દિકરીના લગ્ન મહેશકુમાર સાથે સમાજના રીતરીવાજ મુજબ થયેલા અને તેઓની દિકરી તેની સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેતી હતી, તેણીની દિકરી અમદાવાદ આવેલી ત્યારે એક મહીનો સારી રીતે રાખેલ હતી, અને એક મહીના બાદ તેણીની દિકરીએ ફોન કરીને જણાવેલ કે તેણીની સાસુ તેને તંગ કરે છે અને દહેજ બાબતમા તંગ કરતા હતા અને કહેતા કે કાંઈ આપેલ નથી, ખાલી હાથે આવી ગયેલ છે, થોડા દિવસ પછી તેઓની દિકરીએ વાત કરેલ કે તેણીને આવીને તેડી જાવ, તેણીની દિકરીને મારપીટ કરતા હતા અને તંગ કરતા હતા, અને તેઓની દિકરીના સસરા ગાલી ગલોચ કરતા હતા અને કહેતા કે તું કાંઈ લઈને આવેલ નથી, તેઓને પૈસા અને ગાડી જોઈએ છે, આ વાત તેમની દિકરી તેની માતાને કરતી અને તેની માતા એટલે કે મારી પત્ની મને કરતી હતી અને તેઓને દિકરી તેના પતિને વાત કરતી તો તેનો પતિ કહેતો હતો કે તેના માતા પિતા કહે તેમ કરવુ પડશે અને મહેશે પણ મારપીટ કરવાનુ શરુ કરી દીધેલ તા: ૧૫/૮/૧૯ નારોજ તેઓની દિકરીને તેઓ લઈ આવ્યા બાદ તેણીની સાસુ જયારે તેડવા આવેલ ત્યારે મારી દિકરીએ જણાવેલ કે તેણીની સાસુ તંગ કરે છે અને મારપીટ કરે છે અને કપડા ધોવાની વસ્તુથી મારપીટ કરતા હતા અને કામમાં મોડુ થાય તો પણ તેઓની દિકરીને મારતા હતા, અને તેઓની દિકરીને સમાધાન કરીને મોકલી આપેલ તેઓની દિકરીને સમાધાન કરીને તેડી ગયા બાદ એક મહીનો સારુ ચાલેલ અને એક મહીના બાદ લડાઈ ઝઘડા ચાલુ થઈ ગયેલ અને તેનો પતિ પણ મારી દિકરીને કહેતો કે તેના માતા પિતા કહે તેમ કરવાનુ છેલ્લે તા: ૨૫/૬/૨૦ ના રોજ રાતના કલાક: ૧૧–૦૦ વાગે તેમની દિકરી સાથે વાત થયેલી અને તેઓની દિકરી રડતી હતી અને કહેતી હતી કે પપ્પા મને બહુ મારે છે અને ગાળો આપે છે, અને ઘરમાંથી કાઢી મુકશે બહુ દુ:ખી થઈ ગયેલ છું, તેણીની પાસે ગાડીના પૈસા માંગે છે તેમજ બીજા દિવસે સાંજના ૮–૦૦ વાગે મહેશનો ફોન આવેલ કે તમારી દિકરીએ આપઘાત કરેલ છે અને હોસ્પિટલમાં છે અને તેઓના સગા સંબંધીને તપાસ કરવા કહેતા તેઓએ ફોનથી જણાવેલ કે તમારી દિકરીએ ગળે ફાંસો ખાધો છે. આમ, ફરિયાદી તેઓની ફરિયાદમાં જણાવેલ વિગતને સમર્થન કરે છે, તેમજ બીજા

સાહેદ મરણ જનારની માતા માયાદેવીનો આંક:૧૫ નો પુરાવો જોતા મારી દીકરીના લગ્ન અમારા રીતિરીવાજ મુજબ કરેલા હતા. લગ્ન બાદ મારી દિકરી સાત થી આઠ દિવસ સુધી તેના સાસરીમાં રહેલી હતી. તેના સાસરીના પરિવારમાં તેના પતિ મહેશ, સાસુ કુલમતી, સસરા શ્યામલાલ, નણંદ ઉના, જેઠ સુરેશ સાથે મારી દિકરી રહેતી હતી. આઠ દિવસ પછી મારી દિકરીને મારા ઘરે તેડી લાવેલા હતા અને એક મહીના સુધી અમારા ઘરે રહેલી હતી. એક મહીના પછી મારી દિકરીના સાસરીવાળા મારી દિકરીને લેવા માટે આવેલા હતા. અમે રીતિરિવાજ મુજબ મારી દિકરીને તેના સાસરીવાળા સાથે મોકલી આપેલી હતી. મારી દિકરી બે ચાર દિવસ પડરીયા ગામમાં રહેલી હતી અને ત્યારબાદ મારી દિકરીના સાસરીવાળા મારી દિકરીને લઇને અમદાવાદ રહેવા માટે આવેલા હતા મારી દિકરીએ થોડા દિવસ પછી મને ફોન કરેલો અને કહેલુ કે મારા સાસુ નાની નાની વાતમાં અને કામ બાબતમાં મારી સાથે ઝઘડા કરે છે. મે મારી દિકરીને સમજાવેલુ કે અમે તારા લગ્ન કરી આપેલા છે તારે ત્યાં રહેવુ જોઇએ. ત્યારબાદ પણ મારી દિકરી સાથે તેની સાસુ લડાઇ ઝઘડા કરતી હતી, ગાળો આપતી હતી અને મારજુડ કરતી હતી. સાસુનો પક્ષ લઇને મારી દિકરીના સસરા શ્યામરાજ મારી દિકરીને મહેંણા મારતા હતા અને બિભત્સ ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તારા બાપે લગ્ન સમયે દહેજમાં કાંઇ આપેલુ નથી અને કહેતા હતા કે તારા બાપને કહે કે દહેજમાં પૈસા આપે અને મારા દિકરા માટે ગાડી આપે. આ વાત મારી દીકરીએ તેના પતિને કહેલી. પતિએ ગુસ્સો કરીને મારી દિકરીને મારવા લાગેલ અને બિભત્સ ગાળો આપેલી અને કહેલુ કે મારા મમ્મી જે કહે તે તારે કરવુ પડશે અને જે રીતે રાખે તે પ્રમાણે રહેવુ પડશે અને કહેલુ કે દહેજમાં ગાડી અને પૈસા તારે આપવા જ પડશે અને નહી આપે તો ઘરમાંથી કાઢી મુકશે તેમ કહેલુ. આ વાત મારી દિકરીએ મને અને મારા પતિને કહેલી. મારી દિકરીએ બધી વાત મને ફોનમાં કહેલી હતી. મારી દિકરીએ કહેલુ કે તમે અહીયા આવો અને મને અહિંથી લઈ જાવો. મારા પતિ ઓગસ્ટ-૨૦૧૯માં અમદાવાદ મારી દિકરીને લેવા માટે આવેલા અને મારી દિકરીને અમદાવાદથી અમારા ગામ લઇને આવેલા. મારી દિકરી અમારા ઘરે આવેલી ત્યારે

મને વાત કરેલી કે મારા પતિ, સાસુ સસરા દહેજ માંગે છે અને મને મારજુડ કરે છે. મારી દિકરી બે મહીના સુધી અમારા ઘરે રહેલી હતી. ત્યારબાદ મારી દિકરીની સાસુ મારી દિકરીને લેવા માટે આવેલી હતી. મારી દિકરીએ કહેલુ કે હું અમદાવાદમાં હતી ત્યારે મહેશ મને બેટથી મારતો હતો અને સાસુ, સસરા, નણંદ અને જેઠ કપડા ધોવાના ધોકાથી મારતા હતા. મારી દિકરીએ કહેલુ કે હું તેના ઘરે નહી જાવ. મેં મારી દિકરીની સાસુને કહેલુ કે મારી દિકરીને કેમ મારો છો અને પરેશાન કરો છો. મારી દિકરીની સાસુ મારી સાથે અને મારી દિકરી સાથે ઝઘડો કરવા લાગેલી. ત્યારબાદ મારી દિકરીની સાસુએ મને વિશ્વાસ આપેલો કે હવે તમારી દિકરી સાથે ઝઘડો કરીશુ નહી, મારજુડ કરીશુ નહી અને દહેજ માંગીશુ નહી. મેં મારી દિકરીને સમજાવીને રાજી કરેલી અને કહેલુ કે તારો ઘર સંસાર ન બગડે તેથી તું તારા સાસુ સાથે જા. પછી મેં મારી દિકરીને તેના સાસુ સાથે અમદાવાદ મોકલેલી મારી દિકરી અમદાવાદ આવેલી ત્યારબાદ તેના પતિ, સાસુ સસરા, નણંદ અને જેઠ ફરીથી વારંવાર પરેશાન કરવા લાગેલા અને દહેજની માંગણી કરતા હતા. મારી દિકરીએ આ વાત મને ફોન કરીને જણાવેલી મારી દિકરીએ તા.૨૫/૬/૨૦૨૦ નારોજ રાતના ૧૧.૦૦ વાગ્યે તેના પપ્પાને ફોન કરેલો મારી દિકરીએ રડતા રડતા કહેલુ કે મને મારા પતિ, સાસુ સસરા, નણંદ અને જેઠ ખુબ જ મારે છે અને દહેજ માંગે છે હવે હું સહન કરી શકતી નથી, મારાથી દુઃખ સહન થતુ નથી પપ્પા તમે મને આવીને તેડી જાવ નહીંતર હું અહીયા મારી જીંદગી પુરી કરી નાખીશ. મારી દિકરીને તેના પપ્પાએ સમજાવેલુ લોકડાઉન હળવુ થશે ત્યારે હું ત્યાં આવીને તને તેડી જઇશ ત્યારબાદ બિજા દિવસે સાંજના ૮.૦૦ વાગ્યે મહેશનો ફોન મારા પતિ ઉપર આવેલો અને કહેલુ કે તમારી દિકરી મનુદેવીએ કોઇ કારણસર ગળામાં ફાંસો ખાધો છે અને હોસ્પીટલમા છે. મારા પતિએ મને ફોન કરેલો અને કહેલુ કે મહેશનો ફોન આવેલો હતો કે તમારી દિકરી મનુદેવીએ કોઇ કારણસર ગળામાં ફાંસો ખાધો છે અને હોસ્પીટલમાં છે. મારી દિકરી મરણ ગયેલી આમ, સદર સાહેદ મરણ જનારની માતા છે અને તેણી ફરિયાદીની ફરિયાદની વિગતને સંપુર્ણ રીતે સમર્થન કરે છે. વધુમાં ફરિયાદી તરફે આંક: ૧૬, ૧૭ ના

સાહેદોનો પુરાવો જોતા તેઓ પણ ફરિયાદની વિગતને સંપુર્ણ રીતે સમર્થન કરે છે આમ, ફરિયાદી પક્ષ તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો જોતા ફરિયાદી પક્ષ તેઓનો કેસ શંકા રહીત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સબીત કરવામાં સફળ નિવડતા હોય તેથી આરોપીઓને આક્ષેપીત ગુનાના કામે કસુરવાર ઠરાવી કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલી છે.

(૬.૨).. જયારે આરોપીઓ તરફે આંક:૫૩ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે ફરિયાદ તદ્દન ખોટી, વાહીયાત અને ઉપજાવી કાઢેલી છે, ફરિયાદીએ તેઓનો મલીન ઈરાદો પાર પાડવા અને મોટી માતબર રકમ પડાવવા માટે ખોટી ફરિયાદ કરેલ છે, ફરિયાદીનો જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તેમાં તેઓની સરતપાસ અને ઉલટ તપાસ જોવામાં આવે તો તેમાં વિરોધાભાષ જણાઈ આવે છે અને જો ખરેખર ભોગ બનનારને આરોપીઓથી ત્રાસ હોત કે દહેજની માંગણી કરેલ હોત તો તા:૨૫/૬/૨૦૨૦ ના રોજ ફરિયાદીને ફોન કરેલ ત્યારે બધી વિગત જણાવેલ હોત, પરંતુ ફરિયાદ અને ફરિયાદીની જુબાની જોતા આવી કોઈ જ હકીકત જણાવવામાં આવેલ નથી, તેમજ ફરિયાદી અને ભોગ બનનાર સાથે જે વાતચીત થયેલ તેની કોઈ કોલ ડીટેઈલ્સ કામે રજુ કરવામાં આવેલ નથી. તેમજ મરણ જનારે કોઈ સુસાઈડ લખેલ નથી કે તેવી મળી આવેલ નથી, તેમજ લેખિત કે મૌખિક રેકોર્ડીંગ પણ મળી આવેલ નથી. તેમજ ફરિયાદીને તેઓ ધ્વારા મરણ જનારના મોતની જાણ કરતા તેઓના ઘરે આવવાના બદલે ફરિયાદી અને તેઓના પરિવાજનો તેના સગાને ત્યાં ગયેલા છે અને તેઓના સગાની ચઢમણી અને ઉશ્કેરણીમાં આવી હાલની ખોટી ફરિયાદ કરેલ છે, તેમજ કોઈપણ માતા પિતાને તેઓની દિકરીના સાસરીના સરનામાની ખબર ના હોય તે બની શકે નહી અને તેથી તેઓ જણાવે છે કે તહોમતદારના સરનામાની તેઓને ખબર નાહોય તેથી તેઓના સગાને ત્યાં ગયેલા તે વાત ખોટી છે, તેમજ ફરિયાદીના પત્ની અને મરણ જનાર સાથે મોબાઈલથી જે વાતચીત થતી હતી તે મોબાઈલની કોઈ કોલ ડીટેઈલ પણ રજુ કરવામાં આવેલ નથી, તેમજ ભોગ બનનાર અને તેઓ આરોપીના જે લગ્ન થયેલા છે તે સમાજના માણસોની

હાજરીમાં થયેલ છે અને તે સમયે કોઈ દહેજની માંગણી કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદીના પત્ની સદર બાબતને તેઓના પુરાવામાં ઉલટતપાસમાં વિસંગતતા ભરી હકીકત જણાવે છે તેમજ તેણી તેના પુરાવામાં કબુલ કરે છે કે તેણીની હાજરીમાં સામાવાળાએ કોઈ દહેજની માંગણી કરેલ નથી. આંક: ૧૬ થી તપાસવામાં આવેલ સાહેદને ભોગ બનનારે કેમ ગળે ફાંસો ખાધેલ તે બાબતેની કોઈ માહિતી નથી અને તેઓના પુરાવામાં કબુલ કરે છે કે તેઓને બનાવ સંબંધી કોઈ જાતમાહિતી નથી અને આંક: ૨૧ થી તપાસેલ સાહેદને પણ બનાવ સંબંધે કોઈ જાત માહિતી નહી હોવાનુ જણાવે છે. આંક: ૨૪ થી તપાસેલ સાહેદ આરોપીઓના પાડોશી છે અને તેઓએ તેમના પુરાવામાં કબુલ કરેલ છે કે મહેશભાઈના ઘરે ઝઘડા કંકાસ થતા હોય તેવુ તેઓએ કયારેય જોયેલ નહી, સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે તેમજ આંક: ૨૮ થી તપાસેલ સાહેદ તેઓના પુરાવામાં સ્પષ્ટ રીતે કબુલ કરે છે કે એ વાત સાચી છે કે મહેશના ઘરે ઝઘડા કંકાસ થતા હોય તેવુ તેઓએ કયારેય જોયેલ નહી તેમજ બનાવવાળી જગ્યાએ કોઈ વાંધા જનક ચિન્હો મળી આવેલા નહી. તેમજ આંક:૨૯ ના સાહેદ પણ તેમના પુરાવામાં કબુલ કરે છે કે પોલીસે પંચનામુ તૈયાર કરી રાખેલ તેમાં તેઓએ સહીઓ કરેલી છે તેઓને બનાવ અંગે કોઈ જાત માહીતી નથી. તેમજ આંક: ૩૦ થી સાહેદ ડોકટર રીના બેનનો પુરાવો જોતા વાત ખરી છે કે ભોગ બનનારના ગળાના લીગેચર માર્ક સિવાય શરીરે બીજા કોઈ નિશાનો જણાતા ન હતા અને આ સાહેદનો પુરાવો જોતા આ મોત માત્ર લટકવાના કારણે થયેલ છે અને તેઓની રજુઆતના સમર્થનમાં એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી. સામનસાહેબ એમ. મુલતાની વિ. સ્ટેટ ઓફ કર્ણાટકાના ચુકાદાનો આધાર લીધેલ છે તેમજ આંક:૩૪થી રજુ તપાસ કરનારનો પુરાવો જોતા બનાવ સમયે ભોગ બનનાર સિવાય બીજુ કોઈ હાજર ન હતુ અને તે હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે, જયારે આંક: ૩૬ ના સાહેદનો પુરાવો જોતા જે બનાવની ફરિયાદ આપવામાં આવેલ છે તે ૩ દિવસ મોડી આપવામાં આવેલ છે, તેમજ ફરિયાદી નજરે જોનાર નથી તેમજ આંક:૪૫ ના સાહેદનો પુરાવો જોતા તેઓ તપાસ કરનાર છે અને તેઓએ જે તપાસ કરેલી છે તેને અન્ય સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળવુ

જરુરી છે, તેઓએ જે નિવેદન લીધેલ છે તેવા આંક:૨૯ ના સાહેદ તેઓને બનાવ સંબંધી કોઈ જાતમાહિતી નહી હોવાનુ જણાવે છે તેમજ આ સાહેદો ધ્વારા જે જે નિવેદન લેવામાં આવેલ છે તે જોતા ભોગ બનનારને કોઈપણ જાતનો શારીરીક કે માનસિક ત્રાસ કયારેય આપેલ હોવાનુ કે દહેજની માંગણી કરેલાનુ કે આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી તેમજ ફરિયાદમાં આક્ષેપ સંબંધે કોઈ ઉલ્લેખ કરેલ નથી અને તેથી આરોપીઓએ આવો કોઈ ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી, તેમજ બીજા તપાસ કરનાર અધિકારી તૃપ્તી રમણીકભાઈનો પુરાવો જોતા તેઓએ ગુનાની પુરેપુરી તપાસ કરેલ નથી, તેમજ તેઓના પુરાવામાં જણાવે છે કે એ વાત ખરી છે કે મને બતાવવામાં આવેલ મુદ્દામાલમાં કોઈપણ ઓબ્જેકશનલ માર્ક કે દાગ ધબ્બા નથી અને તે જોતા આરોપીઓએ આક્ષેપીત કૃત્ય કરેલાનુ પુરવાર થતુ નથી, તેમજ ફરિયાદી પક્ષે તેઓનો કેસ પુરવાર કરવા કોઈ ટેલીફોનીક રેર્કોડીગ કે કોઈ ડીટેઈલ્સ આ કામે રજુ કરવામાં આવેલ નથી, અને તે રીતે આરોપીઓ સામે જે આક્ષેપ કરવામાં આવેલા છે તે તદ્દન ખોટા, વાહિયાત અને ઉપજાવી કાઢેલ છે આમ, ફરિયાદી પક્ષનો રજુ પુરાવો જોતા આ કામના આરોપીઓએ આક્ષેપીત કૃત્ય આચરેલ હોય તેવી કોઈજ હકીકત રેકર્ડ પર આવતી નાહોય અને ફરિયાદી પક્ષ તરફે જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે શંકાથી પર નાહોય તેમજ આક્ષેપોને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી, અને જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તેમા શંકા કુશંકા ઉત્પન્ન થતી હોય અને તે સંજોગોમાં ફરિયાદી પક્ષ તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો જોતા ફરિયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડતા નથી અને તે સંજોગોમાં અરજદાર આરોપીને આક્ષેપીત ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૭).. બંને પક્ષની રજુઆત તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા સદરહુ કામના આખરી નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓ પૈકી નં. ૨, અને ૩ નાએ ફરિયાદીની દિકરી ભોગ બનનાર/ મરણ જનાર સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરી મ્હેંણા

ટોણા મારી ગંદી ગંદી ગાળો બોલી તેમજ એવા મ્હેંણા મારતા કે ''તારા બાપાએ લગ્ન વખતે દહેજમાં કાંઈ આપ્યુ નથી તો તારા બાપાને કે પૈસા આપે અને મારા દિકરા માટે ગાડી આપે'' તેમજ આ બાબતેની જાણ તમો આરોપી નં.૧ ને ભોગ બનનારે કરતા તમોએ તેણીને ગંદી ગાળો બોલી કહેલ કે ''તારે ઘરમાં રહેવુ હોય તો જેમાં મારા માતા પિતા રહે છે તે પ્ર માણે તારે કરવુ પડશે અને તારે પૈસા અને ગાડી તો આપવી જ પડશે '' તેમ કરી તમો આરોપીઓ નં.૧, ૨, અને ૩ નાએ ઈ.પી.કો. કલમ-૪૯૮(ક), ૩૨૩, ૨૯૪-ખ તથા દહેજ ધારા ક:૩,૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓ પૈકી તમો આરોપી નં.૧ નાએ પટ્ટાથી તથા તમો આરોપી નં.૨, ૩, ૪ અને ૫ નાએ કપડા ધોવાના ધોકાથી ભોગ બનનારને માર મારી ઈ. પી.કો. કલમ-૩૨૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરિયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે તમો આરોપીઓએ ફરિયાદીની દિકરીને શારીરીક અને માનસિક ત્રાસ આપી અવાર નવાર દહેજની માંગણી કરી ગંદી ગંદી ગાળો બોલી મારઝુડ કરતા હોય જે ભોગ બનનારથી સહન ના થતા ભોગ બનનારે તેની સાસરીના ઘરમાં ધાબામાં લગાવેલ હુકમાં સાડી બાંધી આત્મહત્યા કરેલ અને આમ, તમો તમામ આરોપીઓએ ભોગ બનનાર સાથે દુષ્પ્રેરણ કરી આત્મહત્યા કરવા મજબુર કરી ગુનો કરી આ અદાલતની હકુમતમાં ઈ.પી.કો. કલમ-૩૦૬, ૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો

કરેલ છે ?

(૪) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)
(૨)
(૩)
(૪) આખરી હુકમ મુજબ.

(૯).. મારા ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

-:: **કા ર ણો** ::-

**મુદ્દા નં. ૧,૨** :-

(૧૦).. આ કામના આરોપીઓ વિરુધ્ધ જે ફરિયાદ કરી આક્ષેપ કરવામાં આવેલ છે તે જોતા અને તેના સમર્થનમાં ફરિયાદી તરફે કુલ-૧૪ મૌખિક સાહેદોનો પુરાવો અને કુલ-૧૫ દસ્તાવેજી પુરાવો રેકર્ડ રજુ રજુ કરેલ છે. આરોપી સામે જે આક્ષેપ છે તે જોતા આરોપીઓ પૈકી નં. ૨ અને ૩ નાએ ફરિયાદીની દિકરી ભોગ બનનાર/મરણ જનાર સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરી મ્હેંણા ટોણા મારી ગંદી ગંદી ગાળો બોલી તેમજ એવા મહેણા મારતા કે ''તારા બાપાને લગ્ન વખતે દહેજમાં કાંઈ આપ્યુ નથી તો તારા બાપાને કે પૈસા આપે અને મારા દિકરા માટે ગાડી આપે '' તેમજ આ બાબતેની જાણ તમો આરોપી નં.૧ ને ભોગ બનનારે કરતા તમોએ તેણીને ગંદી ગાળો બોલી કહેલ કે ''તારે ઘરમાં રહેવુ હોય તો જેમ મારા માતા પિતા રહે છે તે પ્રમાણે તારે કરવુ પડશે અને તારે પૈસા અને ગાડી તો આપવી જ પડશે '' તેમજ તમો આરોપી નં.૧ નાએ પટ્ટાથી તથા તમો આરોપી નં.૨, ૩ ,૪ અને ૫ નાએ કપડા ધોવાના ધોકાથી ભોગ બનનારને માર મારી ફરિયાદીની દિકરીને શારીરીક અને માનસિક ત્રાસ આપી અવાર નવાર દહેજની માંગણી કરી ગંદી ગંદી

ગાળો બોલી મારઝુડ કરતા હોય જે ભોગ બનનારથી સહન ના થતા ભોગ બનનારે તેની સાસરીના ઘરમાં ધાબામાં લગાવેલ હુકમાં સાડી બાંધી આત્મહત્યા કરેલ અને આમ તમો તમામ આરોપીઓએ ભોગ બનનાર સાથે દુષ્પ્રેરણ કરી આત્મહત્યા કરવા મજબુર કરી ગુનો કરેલ છે. આમ, આરોપીઓ સામે જે આક્ષેપ છે તેને ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને ફોજદારી નીતિ શાસ્ત્રમાં જણાવ્યા મુજબ આરોપીઓએ પોતાનો કેસ પુરવાર કરવાનો રહેતો નથી આરોપીઓને તો માત્ર તેઓને મળતા શંકાના લાભ પરત્વે માત્ર ઉંગેલી નિર્દેષ જ કરવાનો રહે છે. આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ જોતા તેમજ ફરિયાદી તરફે રજુ રેકર્ડ પરનો પુરાવો જોતા ..

(૧૧).. ફરિયાદી તરફે આંક:૧૨ થી સાહેદ ગયા પ્રસાદ ઉદયરાજ બાબુને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરૂમાંના સરતપાસના પુરાવામાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, બનાવના બે વર્ષ અગાઉ તેમની દિકરીના લગ્ન મહેશકુમાર સાથે સમાજના રીતરીવાજ મુજબ થયેલા અને તેઓની દિકરી તેની સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેતી હતી, તેણીની દિકરી અમદાવાદ આવેલી ત્યારે એક મહીનો સારી રીતે રાખેલ હતી, અને એક મહીના બાદ તેણીની દિકરીએ ફોન કરીને જણાવેલ કે તેણીની સાસુ તેને તંગ કરે છે અને દહેજ બાબતમાં તંગ કરતા હતા અને કહેતા કે કાંઈ આપેલ નથી, ખાલી હાથે આવી ગયેલ છે, થોડા દિવસ પછી તેઓની દિકરીએ વાત કરેલ કે તેણીને આવીને તેડી જાવ, તેણીની દિકરીને મારપીટ કરતા હતા અને તંગ કરતા હતા, અને તેઓની દિકરીના સસરા ગાલી ગલોચ કરતા હતા અને કહેતા કે તું કાંઈ લઈને આવેલ નથી, તેઓને પૈસા અને ગાડી જોઈએ છે, આ વાત તેમની દિકરી તેની માતાને કરતી અને તેની માતા એટલે કે મારી પત્ની મને કરતી હતી અને તેઓને દિકરી તેના પતિને વાત કરતી તો તેનો પતિ કહેતો હતો કે તેના માતા પિતા કહે તેમ કરવુ પડશે અને મહેશે પણ મારપીટ કરવાનુ શરુ કરી દીધેલ. તા: ૧૫/૮/૧૯ ના રોજ તેઓની દિકરીને તેઓ લઈ આવ્યા બાદ તેણીની સાસુ જયારે તેડવા આવેલ ત્યારે મારી દિકરીએ જણાવેલ કે તેણીની સાસુ તંગ કરે છે

અને મારપીટ કરે છે અને કપડા ધોવાની વસ્તુથી મારપીટ કરતા હતા અને કામમાં મોડુ થાય તો પણ તેઓની દિકરીને મારતા હતા અને તેઓની દિકરીને સમાધાન કરીને મોકલી આપેલ તેઓની દિકરીને સમાધાન કરીને તેડી ગયા બાદ એક મહીનો સારુ ચાલેલ અને એક મહીના બાદ લડાઈ ઝઘડા ચાલુ થઈ ગયેલ અને તેનો પતિ પણ મારી દિકરીને કહેતો કે તેના માતા પિતા કહે તેમ કરવાનુ છેલ્લે તા: ૨૫/૬/૨૦ ના રોજ રાતના કલાક: ૧૧–૦૦ વાગે તેમની દિકરી સાથે વાત થયેલી અને તેઓની દિકરી રડતી હતી અને કહેતી હતી કે પપ્પા મને બહુ મારે છે અને ગાળો આપે છે અને ઘરમાંથી કાઢી મુકશે બહુ દુ:ખી થઈ ગયેલ છુ, તેણીની પાસે ગાડીના પૈસા માંગે છે તેમજ બીજા દિવસે સાંજના ૮–૦૦ વાગે મહેશનો ફોન આવેલ કે તમારી દિકરીએ આપઘાત કરેલ છે અને હોસ્પિટલમાં છે અને તેઓના સગા સંબંધીને તપાસ કરવા કહેતા તેઓએ ફોનથી જણાવેલ કે તમારી દિકરીએ ગળે ફાંસો ખાધો છે. તેઓ અમદાવાદ આવીને આરોપીઓ સામે ફરિયાદ આપેલી. ફરિયાદમાં તેઓની સહી છે અને તેઓની દિકરીની લાશ પોલીસે તેઓને આપેલી અને તેની અંતિમ વિધિ પણ તેઓએ કરેલી અને તેમની દિકરીની અંતિમ વિધી પુરી થવા આવેલ ત્યારે આરોપીઓ આવેલા.

(૧૧.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આરોપીઓએ લગ્ન સમયે દહેજની કોઈ માંગણી કરેલ ન હતી. એ વાત ખરી છે કે તેઓ તેમની દિકરીને લગ્ન બાદ પ્રથમ વખત તેની સાસરીમાં તેડવા ગયેલ ત્યારે આરોપીઓએ તેમની સાથે દહેજની કોઈ વાત કરેલી ન હતી. એ વાત ખરી છે કે મારી દિકરી મારે ત્યાં પ્રથમ વખત આવેલી અને એક મહીના પછી આરોપીપક્ષ મારી દિકરીને તેડવા માટે આવેલ ત્યારે પણ આરોપી તરફથી દહેજની કોઈ માંગણી કરવામાં આવેલી ન હતી. એ વાત ખરી છે કે આરોપીઓએ મારી પાસે દહેજની કોઈ માંગણી કરેલ ન હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આરોપીઓ મારી દિકરી પાસે દહેજની માંગણી કરતા હતા, એ વાત ખરી છે કે મારી દિકરીએ ગળે ફાંસો ખાધો તેવા સમાચાર મારા જમાઈએ મને આપેલા, મેં અમદાવાદ મુકામે મારા સંબંધી માતા પ્રસાદને ફોન કરી તપાસ કરવા જણાવેલુ હતુ મને સમાચાર મળતા હું અમદાવાદ આવવા નીકળેલ હતો, હું અમદાવાદ

આવીને મારા સંબંધીને ત્યાં રોકાયેલ હતો એ વાત ખરી છે કે બનાવ બનતા મને દુ:ખ થયેલુ અને આરોપીઓ ઉપર ગુસ્સો પણ આવેલ હતો, એ વાત ખરી છે કે મેં આ ફરિયાદ અગાઉ મારી દિકરીના દુ:ખ ત્રાસ અંગે કોઈ ફરિયાદ કરી નથી. એ વાત ખરી નથી કે મારી દિકરીને અમારે ત્યાં તેની સાસુ તેડવા માટે આવેલ ત્યારે તેમણે દહેજની કોઈ માંગણી કરેલ ન હતી. એ વાત ખરી છે કે મારી દિકરીની સાસુ દિકરીને તેડવા માટે આવેલા ત્યારે મારી દિકરી તેની સાથે જવા માટે તૈયાર ન હતી. મારી દિકરી સાથે છેલ્લે તા: ૨૫/૬/૨૦૨૦ ના રાતના ૧૧–૦૦ વાગે ફોન ઉપર વાત થયેલ હતી, મારી દિકરીએ મને ફોનમાં વાત કરેલી તે અંગે તે ત્યારે બીજા કોઈને જાણ કરેલ ન હતી, એ વાત ખરી છે કે પોલીસને પણ જાણ કરેલ ન હતી.

(૧૧.૨).. આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ આ ગુનાની ફરિયાદ આપનાર ફરિયાદી અને મરણ જનારના પિતા છે અને તેઓએ જે ફરિયાદમાં આક્ષેપ કરેલ છે તે જોતા ''તા: ૨૫/૬/૨૦૨૦ ના રોજ રાતના અગિયારેક વાગ્યાના સુમારે તેઓની દિકરીનો તેમના ઉપર મોબાઈલ ફોન આવેલ હતો અને ફોનમાં તેઓની દિકરીએ રડતા રડતા કહેલ કે તેના પતિ તથા સાસરી પક્ષના લોકો તેણીને ખુબ જ ત્રાસ આપે છે અને ખુબ જ મારઝુડ કરે છે અને દહેજ પણ માંગે છે અને ત્રાસ તેણીથી સહન થતો નથી અને તેણીને આવીને લઈ જાવ અને જો નહી લઈ જાવ તો તેણી તેનુ જીવન ટૂંકાવી દેશે તેમ જણાવેલ.'' આમ, આવી રીતે જો ફરિયાદીને ફોન આવેલ હોય અને તેણીએ પોતાનુ જીવન ટૂંકાવી દેશે તેમ જણાવેલ હોવા છતાં તેમની ઉલટ તપાસમાં કબુલ કર્યા મુજબ તેઓએ આવી વાતને કોઈને જાણ કરેલ ન હતી કે પોલીસમાં પણ જાણ કરેલ ન હતી તેમજ આ સાહેદને તેઓની દિકરીના મોતના સમાચાર મળતા તેઓએ અમદાવાદ ખાતે રહેતા તેમના સંબંધીને ફોન કરી ખાત્રી કરવાનુ કહેલ છે અને ખાત્રી કર્યા બાદ પણ તેઓ અમદાવાદ આવી તેઓના સંબંધીના ત્યાં રોકાયેલા હોવાની વિગત જણાવે છે તેમજ આરોપીઓએ તેમની સાથે દહેજની માંગણી કરેલ હોવાની વિગતનો ઈન્કાર કરે છે તેમજ તેઓની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેનાથી વિપરીત વિસંગતતા ભરી હકીકત

તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે તેમજ હાલની ફરિયાદ કરી તે અગાઉ તેઓની દિકરીને તેની સાસરીમાં ત્રાસ હોવા સંબંધે તેઓએ કે તેમની દિકરીએ કોઈ ફરિયાદ પોલીસમાં કરેલ હોય કે તેઓના સંબંધીને જાણ કરી આરોપીઓને સમજાવવા કોશિષ કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૧૨).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૧૫ થી સાહેદ માયાદેવી ગયાપ્રસાદ કોરીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રૂબરૂમાંના પુરાવામાં સરતપાસમાં પુરાવો આપતા એવી વિગત જણાવેલ છે કે, મારી દીકરીના લગ્ન અમારા રીતિ રીવાજ મુજબ કરેલા હતા. લગ્ન બાદ મારી દિકરી સાત થી આઠ દિવસ સુધી તેના સાસરીમાં રહેલી હતી. તેના સાસરીના પરિવારમાં તેના પતિ મહેશ, સાસુ કુલમતી, સસરા શ્યામલાલ, નણંદ ઉના, જેઠ સુરેશ સાથે મારી દિકરી રહેતી હતી. આઠ દિવસ પછી મારી દિકરીને મારા ઘરે તેડી લાવેલા હતા અને એક મહીના સુધી અમારા ઘરે રહેલી હતી. એક મહીના પછી મારી દિકરીના સાસરીવાળા મારી દિકરીને લેવા માટે આવેલા હતા. અમે રીતિરિવાજ મુજબ મારી દિકરીને તેના સાસરીવાળા સાથે મોકલી આપેલી હતી. મારી દિકરી બે ચાર દિવસ પડરીયા ગામમાં રહેલી હતી અને ત્યારબાદ મારી દિકરીના સાસરીવાળા મારી દિકરીને લઇને અમદાવાદ રહેવા માટે આવેલા હતા મારી દિકરીએ થોડા દિવસ પછી મને ફોન કરેલો અને કહેલુ કે મારા સાસુ નાની નાની વાતમાં અને કામ બાબતમાં મારી સાથે ઝઘડા કરે છે. મેં મારી દિકરીને સમજાવેલુ કે અમે તારા લગ્ન કરી આપેલા છે તારે ત્યાં રહેવુ જોઇએ. ત્યારબાદ પણ મારી દિકરી સાથે તેની સાસુ લડાઇ ઝઘડા કરતી હતી, ગાળો આપતી હતી અને મારજુડ કરતી હતી. સાસુનો પક્ષ લઇને મારી દિકરીના સસરા શ્યામરાજ મારી દિકરીને મહેંણા મારતા હતા અને બિભત્સ ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તારા બાપે લગ્ન સમયે દહેજમાં કાંઇ આપેલુ નથી અને કહેતા હતા કે તારા બાપને કહે કે દહેજમાં પૈસા આપે અને મારા દિકરા માટે ગાડી આપે. આ વાત મારી દીકરીએ તેના પતિને કહેલી. પતિએ

ગુસ્સો કરીને મારી દિકરીને મારવા લાગેલ અને બિભત્સ ગાળો આપેલી અને કહેલુ કે મારા મમ્મી જે કહે તે તારે કરવુ પડશે અને જે રીતે રાખે તે પ્રમાણે રહેવુ પડશે અને કહેલુ કે દહેજમાં ગાડી અને પૈસા તારે આપવા જ પડશે અને નહી આપે તો ઘરમાંથી કાઢી મુકશે તેમ કહેલુ. આ વાત મારી દિકરીએ મને અને મારા પતિને કહેલી. મારી દિકરીએ બધી વાત મને ફોનમાં કહેલી હતી. મારી દિકરીએ કહેલુ કે તમે અહીયા આવો અને મને અહિંથી લઈ જાવો. મારા પતિ ઓગસ્ટ–૨૦૧૯ માં અમદાવાદ મારી દિકરીને લેવા માટે આવેલા અને મારી દિકરીને અમદાવાદથી અમારા ગામ લઇને આવેલા. મારી દિકરી અમારા ઘરે આવેલી ત્યારે મને વાત કરેલી કે મારા પતિ, સાસુ સસરા દહેજ માંગે છે અને મને મારજુડ કરે છે. મારી દિકરી બે મહીના સુધી અમારા ઘરે રહેલી હતી. ત્યારબાદ મારી દિકરીની સાસુ મારી દિકરીને લેવા માટે આવેલી હતી. મારી દિકરીએ કહેલુ કે હું અમદાવાદમાં હતી ત્યારે મહેશ મને બેટથી મારતો હતો અને સાસુ, સસરા, નણંદ અને જેઠ કપડા ધોવાના ધોકાથી મારતા હતા. મારી દિકરીએ કહેલુ કે હું તેના ઘરે નહી જાવ. મેં મારી દિકરીની સાસુને કહેલુ કે મારી દિકરીને કેમ મારો છો અને પરેશાન કરો છો. મારી દિકરીની સાસુ મારી સાથે અને મારી દિકરી સાથે ઝઘડો કરવા લાગેલી. ત્યારબાદ મારી દિકરીની સાસુએ મને વિશ્વાસ આપેલો કે હવે તમારી દિકરી સાથે ઝઘડો કરીશુ નહી, મારઝુડ કરીશુ નહી અને દહેજ માંગીશુ નહી. મે મારી દિકરીને સમજાવીને રાજી કરેલી અને કહેલુ કે તારો ઘર સંસાર ન બગડે તેથી તું તારા સાસુ સાથે જા. પછી મેં મારી દિકરીને તેના સાસુ સાથે અમદાવાદ મોકલેલી મારી દિકરી અમદાવાદ આવેલી ત્યારબાદ તેના પતિ, સાસુ સસરા, નણંદ અને જેઠ ફરીથી વારંવાર પરેશાન કરવા લાગેલા અને દહેજની માંગણી કરતા હતા. મારી દિકરીએ આ વાત મને ફોન કરીને જણાવેલી મારી દિકરીએ તા.૨૫/૬/૨૦૨૦ ના રોજ રાતના ૧૧.૦૦ વાગ્યે તેના પપ્પાને ફોન કરેલો મારી દિકરીએ રડતા રડતા કહેલુ કે મને મારા પતિ, સાસુ સસરા, નણંદ અને જેઠ ખુબ જ મારે છે અને દહેજ માંગે છે હવે હું સહન કરી શકતી નથી, મારાથી દુઃખ સહન થતુ નથી પપ્પા તમે મને આવીને તેડી જાવ નહીંતર હું અહીયા મારી

જીંદગી પુરી કરી નાંખીશ. મારી દિકરીને તેના પપ્પાએ સમજાવેલુ લોકડાઉન હળવુ થશે ત્યારે હું ત્યાં આવીને તને તેડી જઇશ ત્યારબાદ બીજા દિવસે સાંજના ૮.૦૦ વાગ્યે મહેશનો ફોન મારા પતિ ઉપર આવેલો અને કહેલુ કે તમારી દિકરી મનુદેવીએ કોઇ કારણસર ગળામાં ફાંસો ખાધો છે અને હોસ્પીટલમાં છે. મારા પતિએ મને ફોન કરેલો અને કહેલુ કે મહેશનો ફોન આવેલો હતો કે તમારી દિકરી મનુદેવીએ કોઇ કારણસર ગળામાં ફાંસો ખાધો છે અને હોસ્પીટલમાં છે. મારી દિકરી મરણ ગયેલી. આરોપીઓ કોર્ટમાં હાજર છે હું તેને ઓળખી બતાવુ છું. પોલીસે મારી પુછપરછ કરી નિવેદન નોંધેલુ.

(૧૨.૧). જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મારી દિકરી મનુદેવીના લગ્ન સમાજના રીત રીવાજ મુજબ સમાજના વ્યકિતઓની હાજરીમાં થયેલા છે. એ વાત ખરી છે કે લગ્ન સમયે દહેજની કોઈ માંગણી કરવામાં આવેલી નથી. એ વાત ખરી છે કે આ બનાવના ચાર મહીના પહેલા તા: ૨૫/૨/૨૦૨૦ ના રોજ આરોપીઓને ત્યાં મારા જમાઈના નાના ભાઈના લગ્નમાં આવેલી હતી, હું બે દિવસ મારી દિકરીના સાસરીમાં લગ્ન પ્રસંગમાં રોકાઈ હતી, એ વાત ખરી છે કે લગ્ન પ્રસંગમાં ઝઘડો થયેલાની હકીકત મારા પોલીસ રૂબરૂમાંના નિવેદનમાં લખાવેલ નથી, આ બનાવના બે ત્રણ દિવસ અગાઉ મારી દિકરી સાથે મારે ફોનમાં વાત થયેલી હતી, એ વાત ખરી છે કે આ ઘટના બનેલી તે પહેલા છેલ્લે મારા પતિ અને મારી દિકરી વચ્ચે વાત થયેલી હતી, મારી સાથે વાત થયેલી ન હતી. એ વાત ખરી નથી કે મારી દિકરી અમારા ઘરે આવેલી ત્યારે તેના શરીર ઉપર ઈજાના કોઈ નિશાનો ન હતા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારી દિકરીએ મને ઈજાના નિશાન બતાવેલા હતા, એ વાત ખરી છે કે મારી દિકરીની કોઈ ડોકટર પાસે સારવાર કરાવેલી નહી. એ વાત ખરી છે કે મારી દિકરી મળવા માટે વારંવાર ફોન કરતી હતી, એ વાત ખરી છે કે મારી દિકરીને જયારે મળવાની ઈચ્છા થતી હતી ત્યારે મને ફોન કરતી હતી. એ વાત ખરી છે કે મારી દિકરીના સાસરીવાળાએ મારી પાસે કયારેય દહેજની માંગણી કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારી દિકરી પાસે તેની સાસરીવાળા દહેજની માંગણી કરતા હતા.

તેમજ મોટાભાગે ફરિયાદમાં આક્ષેપ કર્યા મુજબની વિગતેની હકીકત જણાવે છે.

(૧૨.૨) આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ ફરિયાદીના પત્ની અને મરણ જનારની જનેતા છે અને બનાવ બનેલ તેના આગલા દિવસે તેણીના પતિ અને દિકરીને વાત થયેલી છે તેવી હકીકત જણાવે છે, પરંતુ તેણીના પતિ અને દિકરીની વચ્ચે જે વાતચીત થયેલ તે વાત તેના પતિએ તેણીને કહેલ હોય અને ફરિયાદીના ઉપરોકત જણાવ્યા મુજબની વાત થઈ હોય અને જો તેઓને દિકરીને તેનુ જીવન ટુંકાવી દેવાની વાત કરેલ હોય તો તેણીએ તેના પતિ મારફતે કે જાતે તેણીની દિકરીના સાસરીવાળાને ફોન કરીને સત્ય હકીકત જાણવાની કોશિષ કરેલ હોત તેમજ તેણીએ સમાજના કોઈ માણસને કે આજુબાજુવાળાને કે પોલીસમાં આ બાબતેની જાણ કરી હોત અને તેણીની દિકરીનુ આવુ નિવેદન સાંભળી તેના પતિને તેઓની દિકરી પાસે મળવા લઈ જવા અને સાચી બાબત જાણવા તેમજ તેની સાસરીવાળાને મળી વાત કરવાની જીદ કરેલ હોત પરંતુ આ સાહેદે આવુ કોઈ કાર્ય કરેલ હોય તેવી કોઈજ હકીકત જણાવતી નથી તેમજ આ સાહેદ પણ તેની ઉલટતપાસમાં કબુલ કરે છે કે તેણીની દિકરીની સાસરીવાળાએ તેણીની પાસે કોઈ દહેજની માંગણી કરેલ નથી. વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેણીની દિકરીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન હોય અને તેઓની દિકરીને જો તેઓને બતાવેલ હોય તો તેની તેઓએ ચોકકસ સારવાર કરાવેલ હોત પરંતુ આ સાહેદે તેના પુરાવામાં સ્પષ્ટ રીતે કબુલ કરેલ છે કે તેણીએ તેઓની દિકરીની કોઈ સારવાર કરાવેલ નહી. વધુમાં આ સાહેદને બનાવના ૩ દિવસ પહેલા પણ તેઓની દિકરી સાથે ફોનથી વાત થયેલી છે અને ત્યારે તેઓની દિકરીએ આ સાહેદને તેની સાસરીમાં ત્રાસ હોવા બાબતે કોઈ વાત કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતી નથી. વધુમાં આ સાહેદના જણાવ્યા મુજબ તેણીની દિકરીને જયારે પણ તેણીની સાથે વાત કરવાની/મળવાની ઈચ્છા થતી ત્યારે ફોનથી વાત કરતી હતી અને ત્યારે પણ મરણ જનારે સદર સાહેદ સાથે તેની સાસરીમાં ત્રાસ હોવાની કોઈ ફરિયાદ કરેલ હોય અને તે બાબતે તેણીને તેની દિકરીની સાસરી પક્ષના લોકોને મળી ઠપકો આપેલ હોય કે સમાજના માણસોને આવી વાતથી વાકેફ કરી સામાવાળા આરોપીઓને સમજાવવા

અને તેઓની દિકરીને હેરાન પરેશાન નહી કરવા અને શારીરીક માનસિક ત્રાસ નહી આપવા સમજાવેલ હોય તેવી કોઈજ હકીકત રેકર્ડ પર જણાવતા નથી તેમજ આ સાહેદ મરણ જનારની માતા અને ફરિયાદીના પત્ની હોય જેથી ફરિયાદને હીત સંબંધ ધરાવનાર વ્યકિત છે.

(૧૩).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૧૬ થી સાહેદ શિવપ્રસાદ ભવાની પ્રસાદ કોરીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં એવી વિગતે સરતપાસમાં પુરાવો આપેલ છે કે, તા.૨૭/૬/૨૦૨૦ ના રોજ અમારી સોસાયટીમાં રહેતા રક્ષારામભાઈએ મને જણાવેલુ કે અમારા સગાની ભાણીનું સાસરીયુ ચાંદલોડીયામાં આવેલુ હતુ તેમણે કોઇ અંગત કારણોસર ગળે ફાંસો ખાધેલો છે અને ગયાપ્રસાદ મારા ગામના બનેવી થાય છે તે લોકો આવે છે. ગયાપ્રસાદ અમદાવાદમાં રક્ષારામના ઘરે તા.૨૯/૬/ ૨૦૨૦ ના રોજ વહેલી સવારે આવેલા. રક્ષારામભાઇ ગયા પ્રસાદને લઈને મારા ઘરે આવેલા અને કહેલુ કે મારી દિકરી સાથે આ ઘટના આત્મહત્યાની બનેલી છે મારે ચાંદલોડીયા પોલીસ સ્ટેશન કે ચાંદલોડીયા પોલીસ ચોકી જે કંઇ આવતુ હોય ત્યાં અમારે ફરીયાદ નોંધાવવી છે. આ વખતે કોરોના પિરીયર્ડ હતો અને અમે રીક્ષા મારફતે સાથે નિકળેલા અને ચાંદલોડીયા પોલીસ મથકમાં આવેલા અને ત્યાં પુછતા કહેલુ કે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. અમે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યાં ગયાપ્રસાદ ભાઇને બોલાવી તેમની દિકરી પ્રત્યે, દહેજ પ્રત્યે અને આત્મહત્યા પ્રત્યે ફરીયાદ નોંધાવેલી હતી. ગયાપ્રસાદના કહેવા પ્રમાણે તેની દિકરીએ દહેજ માટે ગળે ફાંસો ખાધો હતો. તેની દિકરીના સાસરીયાપક્ષ તરફથી તેમનો પતિ મહેશ, તેના સાસુ સસરા, સુરેશ અને તેની નણંદ દહેજ બાબતમાં તેની દિકરીને હેરાન પરેશાન કરતા હતા. પોલીસે મારુ નિવેદન નોંધેલુ હતુ.

(૧૩.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ

કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હું બનાવવાળી જગ્યાએથી દુરના દુરના વિસ્તારમાં રહુ છુ, એ વાત ખરી છે કે તેઓ આરોપીઓના ઘરે કયારેય ગયેલા નથી, એ વાત ખરી છે કે બનાવ સંબંધે તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે તેઓ મરણ જનારને કયારેય મળેલા નથી.

(૧૩.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતા આ સાહેદ પોતે મરણ જનારને કયારેય મળેલા નથી કે તેઓ મરણ જનારના સાસરીના ઘરથી થોડા દુરના વિસ્તારમાં રહેતા હોવા છતાં કયારેય તેમના ઘરે ગયેલા નથી અને તેઓને બનાવની કોઈ જ જાત માહિતી નથી.

(૧૪).. વધુમાં ફરિયાદી તરફે આંક:૧૭થી સાહેદ રક્ષારામ અવધરામ કોરીને સોગંદપર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, માલીકરામે મને ફોન કરીને કહેલુ કે મારા બનેવી ગયાપ્રસાદનો મારા ઉપર ફોન આવેલો છે અને કહેલુ કે અમદાવાદમાં અમારી છોકરી રહે છે તેણે આત્મહત્યા કરેલી છે. આ લોકો અમદાવાદમાં મારા ઘરે આવેલા. આ લોકોએ મને કહેલુ કે અમારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવવા માટે જવુ છે. જેથી મેં શીવપ્રસાદને કહેલુ કે અમારા સંબંધી આવે છે અને તેની દિકરીએ ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધેલી છે. તા.૨૯/૬/૨૦૨૦ ના રોજ અમે બધા ચાંદલોડીયા પોલીસ સ્ટેશ ન માં ગયેલા ત્યાં કહેલુ કે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનમાં જાવ પછી અમે બધા સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગયેલા. ગયાપ્રસાદે ફરીયાદ લખાવેલી. માલીકરામ કહેતા હતા કે છોકરીના સાસરાવાળા દાનદહેજ માટે તેને મેંણા ટોણા મારતા હતા. પોલીસે મારુ નિવેદન નોંધેલુ હતુ.

(૧૪.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ગયા પ્રસાદ મારા સગા થાય છે, આ બનાવ અગાઉ ગયાપ્રસાદ સાથે મારે કોઈ વાત થયેલી નથી. એ વાત ખરી છે કે તેઓ આરોપી શ્યામરાજ કોરીને પહેલેથી ઓળખે છે. એ વાત ખરી છે કે તેઓ

આરોપી શ્યામરાજ કોરીના ઘરે કયારેય ગયેલા નથી. એ વાત ખરી છે કે શ્યામરાજ કોરી અને તેના ઘર પરિવાર અને તેના વ્યવહાર અંગે તેઓને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે આ બનાવ અગાઉ આરોપી શ્યામરાજના ઘરના ઝઘડા વિશે તેઓને માહિતી ન હતી, એ વાત ખરી છે કે મને ફોન કરીને જણાવેલુ કે કોઈ કારણસર ફાંસો ખાઈ આત્મહત્યા કરેલી છે.

(૧૪.૨).. આમ, આ સાહેદનો પુરાવો જોતા આરોપી શ્યામરાજ કોરીને પહેલાથી ઓળખે છે પરંતુ તેઓના ઘેર કયારેય ગયેલ નથી, તેમજ હાલના બનાવ અગાઉ મરણ જનારને આરોપીઓ સાથે જે તકરાર હતી તેની તેઓને કોઈજ માહિતી નથી, અને જયારે બનાવ બનેલ ત્યારે ફરિયાદીએ પહેલા માલીકરામ ઉપર ફોન કરેલ અને તેઓએ આ સાહેદ ઉપર ફોન કરેલ અને તે બાદ તેઓ તેમના ઘરે ગયેલા અને જણાવેલ કે તેઓને પોલીસમાં ફરિયાદ કરવા જવુ છે અને તેથી તેઓએ શીવ પ્રસાદને કહેલ કે તેઓના સંબંધી આવે છે અને તેઓની દિકરીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરેલી છે અને તે બાદ તેઓ ફરિયાદ લખાવવા સાથે ગયેલા છે તેવી વિગતે પુરાવો આપે છે.

(૧૫).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૨૧ થી સાહેદ માલીકરામ રામલોટનને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, લગ્ન બાદ મારી બેન મને એવી વાત કરતી હતી કે મનુદેવીને તેની સાસરી પક્ષવાળા ખુબ જ હેરાન કરે છે અને તેથી તેઓના બનેવી ગયાપ્રસાદ તેમની ભાણીને લઈ આવેલા અને થોડા દિવસ બાદ સમજાવીને અમદાવાદ તેની સાસરીમાં મુકી આવેલા, ત્યારબાદ થોડા દિવસ પછી મનુદેવીના પતિ મહેશનો ફોન તેના બનેવી ઉપર આવેલ અને જણાવેલ કે મનુદેવીએ ગળે ફાંસો ખાધેલ છે અને આત્મહત્યા કરેલ છે, અને તે બાદ ગયાપ્રસાદે ફોન કરી અમદાવાદ આવવા જણાવેલ અને તે બાદ તેઓ અમદાવાદ તેમના સાળા રક્ષારામના ત્યાં ગયેલા અને તે બાબતે તેઓના બનેવીએ મનુદેવીના સાસરીપક્ષના માણસો સામે ફરિયાદ આપેલી, પોલીસે તેમની પુછતાછ કરેલી.

(૧૫.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર મનુદેવી તેમની ભાણી થાય છે, એ વાત ખરી છે કે લગ્ન બાદ તેઓ તેમની ભાણીના સાસરીવાળાને મળેલા નથી. એ વાત ખરી છે કે તેઓ તેમની ભાણીના સાસરે લગ્ન પહેલા કયારેય આવેલા ન હતા. એ વાત ખરી છે કે કહેવાતા બનાવની જાણ તેઓને તા: ૨૭/૬/૨૦૨૦ ના રોજ તેઓને તેમના બનેવી ગયાપ્રસાદે કરેલી, એ વાત ખરી છે કે કહેવાતા બનાવની જાણ તેઓને થતા તેની જાણકારી તેઓએ તેમના સાળા રક્ષારામને કરેલી, એ વાત ખરી છે કે તેઓ અમદાવાદ રોકાયલા ત્યારે આજુ બાજુવાળા પાસેથી બનાવ કેવી રીતે બનેલ તેની જાણકારી મેળવવાની કોશિષ કરેલ નહી. એ વાત ખરી છે કે તેઓને બનાવ સંબંધી કોઈ જાત માહિતી નથી.

(૧૫.૨).. આમ, આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ મરણ જનારના મામા થાય છે અને બનાવની જાણ તેઓને તેમના બનેવીએ કરેલી અને તે બાદ તેઓ અમદાવાદ ખાતે આવેલા છે અને રોકાયેલા છે તેમ છતાં તેઓની ભાણીએ ખરેખર કેમ આત્મહત્યા કરેલી છે બાબતેની જાણકારી મેળવવાના કોઈજ પ્રયત્ન કરેલા નથી તેમજ બનાવ પહેલા કોઈ દિવસ તેઓની ભાણીની સાસરીમાં ગયેલા હોય કે તેઓની બહેને જયારે તેઓને જાણકારી આપી કે મનુદેવીને તેની સાસરી પક્ષવાળા ખુબ જ હેરાન કરે છે પરંતુ આ સાહેદે એક મામા તરીકે તેઓની ભાણીના સાસરીવાળાનો સંપર્ક કરી તેઓને સમજાવવાની કોશિષ કરેલ હોય કે અન્ય કોઈ તેઓના સગા સંબંધીએ આ બાબતેની જાણકારી આપી તેઓના દ્વારા આરોપીઓને કોઈ ઠપકો અપાવેલ હોય કે સમજાવવાની કોશિષ કરેલ હોય તેવી કોઈજ હકીકત જણાવતા નથી.

(૧૬).. વધુમાં ફરિયાદી તરફે આંક:-૨૪થી સાહેદ કિરણભાઈ પરસોત્તમભાઈ પંચાલને તથા આંક: ૨૬ થી સાહેદ નારાયણ રામકેદાર કોરીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓ બંને આંક:૨૫ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ નં. ૧

અને ૨ છે અને તેઓનો પુરાવો જોતા તેઓએ જણાવેલ છે કે, મહેશભાઈએ તેઓને એમ જણાવેલ કે પોલીસ પાસે જે કાગળ છે તેમાં સહી કરવાની છે તેથી તેઓએ સહી કરી આપેલી આ સદર સાહેદોનો સરતપાસનો પુરાવો જોતા તેઓને સરકાર તરફે વિ.સરકારી વકીલ શ્રીની વિનંતીથી વિમુખ જાહેર કરવામાં આવેલા છે.

(૧૬.૧).. જયારે આ સાહેદોની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મહેશની પત્નીએ આપઘાત કરેલો મેં તે વાતો વાતથી સાંભળેલુ, એ વાત ખરી છે કે મહેશભાઈના ઘરે બહુ ઝઘડા કંકાસ થતા હોય તેવુ મેં કયારેય જોયેલુ નથી. એ વાત ખરી છે કે બનાવ સંબંધે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૧૬.૨).. આમ, આ સાહેદોનો સમગ્ર પુરાવો જોતા આ બંને સાહેદો આંક: ૨૫ થી રજુ બનાવવાળી જગ્યાના અતિ મહત્વના પંચ સાહેદો છે અને તેમ છતાં તેઓ તેમના પુરાવામાં સદર પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેઓના પુરાવામાં સ્પષ્ટ રીતે જણાવે છે કે મહેશભાઈએ એવુ જણાવેલ કે પોલીસ પાસે જે કાગળ છે તેમાં સહી કરવાની છે તેથી તેઓએ કરી આપેલી. આમ, જે આંક:૨૫ નુ પંચનામુ રજુ થયેલ છે તેમાં લખેલ વિગતો આ પંચ સાહેદોના જોયા અને લખાવ્યા મુજબ પોલીસ ધ્વારા શબ્દસહ: લખી લઈ અને તે બાદ તેઓની પાસે ખરાઈ કરાવી કે તેમાં લખેલી વિગતો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ તેવી કોઈ વિગત જણાવતા નાહોય અને તેઓને બનાવની કોઈ જાત માહિતી ના હોય તેમજ મહેશભાઈના ઘરે બહુ ઝઘડા થતા હોય તેવી પણ કોઈજ હકીકત જણાવતા ના હોય અને તેઓ જણાવે છે કે બનાવની તેઓને કોઈ જાત માહિતી નથી અને તે જોતા તપાસ કરનાર ધ્વારા જે પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ છે તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

(૧૭).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૨૭થી સાહેદ રશ્મીકાંત બાબુલાલ મજમુદારને

સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, હાલમાં એફ.એસ.એલ., અમદાવાદ ખાતે ઈન્ચાજ સાયન્ટીફીક ઓફીસર મોબાઈલ ઈન્વેસ્ટીગેશનમાં ફરજ બજાવુ છુ. સદર ફરજ દરમ્યાન તા.૨૭/૬/૨૦૨૦ ના રોજ ટેલીફોનીક મેસેજ ધ્વારા સોલા હા. કોર્ટ પો.સ્ટે. ના અ–મોત નં. ૪૪/ ૨૦૨૦ સી.આર.પી.સી. કલમ ૧૭૪ ના કામની મને જાણ કરવામાં આવેલી હતી. તેથી હું તા. ૨૭/૬/૨૦૨૦ ના રોજ સરકારી વાહન ધ્વારા કચેરી ધ્વારા ફાળવેલ પરીક્ષણ કીટ સાથે લઈ ૩૧૩, રણછોડનગર, વિભાગ–૩, રામબાગ ઔડાના મકાન પાસે, ચાંદલોડીયા ખાતે પહોચેલો. સદર બનાવ સ્થળે બનાવ સ્થળ દર્શાવનાર શ્રી વિષ્ણુભાઈ અમથાભાઈ પો.કો. બં.નં.૫૪૭૦નાઓએ સ્થળ ઉપર યાદી સોંપેલ તેમજ બનાવ સંબંધી વિગતોની સમજ કરેલી. આજરોજ હું તે અસલ યાદી મારી સાથે કોર્ટમાં લઈ આવેલ છુ. જે યાદીમાં મેં મારી સહી કરી સમય અને તારીખ નાંખેલ છે સદર બનાવનુ સ્થળ ૩૧૩, રણછોડનગર વિભાગ–૩, ઔડાના મકાન પાસે, ચાંદલોડીયા ખાતે આવેલ હતુ. સદર મકાન બે માળનુ પુર્વ દિશાનુ મુખ ધરાવતુ જોવા મળેલ હતુ. સદર મકાનના બીજા માળે પશ્ચિમ દિશામાં આવેલ બે રૂમ પૈકી ઉતર તરફની રૂમમાં બનાવ બનેલ હોવાનો સ્થળ દર્શાવનારશ્રીએ જણાવેલ હતુ. સદર રૂમનો મુખ્ય પ્રવેશધ્વાર લાકડાનો એક કમાળવાળો દરવાજો ધરાવતો હતો. સદર રૂમમાં ભોંયતળિયે વિટ્રીફાઈડ ટાઈલ્સ લગાડેલી હતી. સદર રૂમ 7 X 11 ફુટ આશરાનો જોવા મળેલ હતો. સદર રૂમમા છતના ભાગે ચાર યુ આકારના હુક લગાડેલ હતા. સદર બનાવ રૂમની છતના ઉતર પુર્વના ખુણે બનેલ હોવાનુ જણાયેલ હતુ. સદર હુકમાં સીલેટીયા, વાદળી, લીલો, કાળો તેમજ લાલ રંગની સેલ્ફ ડીઝાઈન ધરાવતી સાડી તેના મધ્ય ભાગેથી હુકમાં ગાંઠ મારેલ તેમજ એક છેડો લટકતો તેમજ બીજો છેડો ઉતર દિશાની આરસીસીની અભેરાઈ ઉપર પડેલ હતો. સદર હુકના નીચેના ભાગે ચાર પાયાવાળી કોફી રંગની પ્લાસ્ટીકની ખુરશી જેનો ટેકો દેવાનો ભાગ ઉતર તરફનો જોવા મળેલ હતો. સદર રૂમની છતના ઉતર પુર્વના ખુણે ભોંયતળીયે ખુરશીની પુર્વ દિવાલને અડીને એક સિલાઈ મશીન પડેલુ હતુ. સદર રૂમમાં પશ્ચિમ દક્ષિણના ખુણે લાકડાનો સિંગલ પલંગ

જોવા મળેલ હતો. સદર રૂમની છતથી ભોંયતળીયાનુ અંતર માપી જોતા ૧૧૬ ઈંચ, લોખંડના હુકની લંબાઈ ૩ ઈંચ, સાડીના હુકમાં ગાંઠ મારેલ ભાગથી લટકતા છેડાની લંબાઈ ૫૯ ઈંચ તેમજ સદર હુક પુર્વની દિવાલથી પશ્ચિમે ૨૫ ઈંચના અંતરે તેમજ ઉતરની દિવાલની દક્ષિણે ૨૩ ઈંચના અંતરે મજબુત રીતે ફીટ કરેલ હતો. સદર રૂમમાં હુકની નીચે રહેલ પ્લાસ્ટીકની ખુરશીની બેઠકથી ભોંયતળીયા સુધીનુ અંતર માપી જોતા ૧૭ ઈંચ જોવા મળેલ હતુ. સદર રૂમમાં રહેલ સીલાઈ મશીનના લાકડાના ટોપથી તેમજ ગાંઠ મારેલ ભાગ વચ્ચેનુ અંતર ૮૪ ઈંચ જોવા મળેલ હતુ. સદર રૂમમાં પશ્ચિમ તેમજ ઉતરની દિવાલના છતના ભાગે આરસીસીની અભેરાઈ આવેલ હતી. સદર રૂમમાં દરવાજાને સમાંતર દિવાલ ઉપર બે દરવાજાવાળી કાચ/એલ્યુમીનીયમ સેકશન ધરાવતી સ્લાઈડર બારી આવેલ હતી. ઉપરોકત સાડીને કબજે લઈ સ્પષ્ટ અને નિર્ણાયાત્મક અભિપ્રાય અર્થે એફ.એસ.એલ. ખાતે મોકલવા માટે સુચન કરેલ હતુ. ત.ક. અધિકારીશ્રીને સુચનો કરેલ હતા જે મારા સ્થળ પરીક્ષણ અહેવાલમાં દર્શાવેલ છે. આ મુજબનો મારો અહેવાલ મેં સ્થળ ઉપર નિરીક્ષણ કરી મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી સોંપેલ હતો.

(૧૭.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ભોંયતળિયે વીટ્રીફાઈડ ટાઈલ્સ કયા કલરની હતી તે મેં મારા અહેવાલમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બે હુક વચ્ચેનું અંતર મેં અહેવાલમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રવેશ દ્વાર કઈ દીશામાં બારી આવેલ છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ કોઈ વાંધા લાયક ચિન્હો જણાતા ન હતા. એ વાત ખરી છે કે સ્થળ ઉપર સાડી સિવાય બીજા કોઈ નમુના કબજે લેવામાં આવેલ નથી.

(૧૭.૨).. આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ એક એફ.એસ.એલ. અધિકારી છે અને તેઓને બનાવ સ્થળનુ પરીક્ષણ કરવાનો મેસેજ મળતા તેઓએ સ્થળ ઉપર જઈ તેમની ફરજના ભાગરુપે સ્થળ પરિક્ષણ કરેલ છે અને તે બાદ તેઓએ તેમનો રીપોર્ટ આપેલ છે, આ સિવાય તેઓને કોઈ સુસાઈડ નોટ મળેલ હોય તેવી પણ કોઈજ હકીકત

જણાવતા નથી. તેમજ બનાવ સ્થળેથી તેઓને કોઈ વાંધા જનક ચિન્હો મળેલ હોય તેવી પણ કોઈજ હકીકત જણાવતા નથી.

(૧૮).. વધુમાં ફરિયાદી તરફે આંક:૨૯ થી સાહેદ ઉમાકાન્ત ગણપતરામ યાદવને સોગંદપર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, મારા ઘરની નજીક મહેશભાઈ કોરીનુ મકાન આવેલ છે આશરે ચારેક વર્ષ પહેલા મહેશભાઈના ઘરે બનાવ બનેલો, મહેશભાઈના પત્ની ઘરમાં ગળે ફાંસો ખાઈને મરણ ગયેલ હતી, તેની ખબર તેઓને પડતા તેઓ સિવિલ હોસ્પિટલ પહોંચેલા અને ત્યાં તેઓએ મહેશભાઈની પત્નીની લાશ સ્ટ્રેચર પર પડેલી હતી તે જોયેલી અને તે સાત આઠ ફુટ દુરથી જોયેલી તેઓએ મારી રુબરુમાં લખાણ કરેલ અને તેઓને સહી કરી આપવાનુ કહેતા કરી આપેલી, અને તે ઈન્કવેસ્ટ પંચનામામાં તેઓની પંચ નં.૨ તરીકે સહી છે.

(૧૮.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પંચનામુ પોલીસે તૈયાર કરીને રાખેલ હતુ અને કહેવાતા બનાવની તેઓને કોઈ જાત માહિતી નથી.

(૧૮.૨).. આમ, આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ આંક:૩૦ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે અને જે પંચનામાની કાર્યવાહી છે તે તેઓની હાજરીમાં અને તેઓના જોયા અને લખાવ્યા મુજબ જ પોલીસ દ્વારા લખી લેવામાં આવેલ છે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી અને ઉલ્ટાનુ તેઓના પુરાવામાં કબુલ કરે છે કે એ વાત ખરી છે કે પંચનામુ પોલીસે તૈયાર કરીને રાખેલ હતુ અને કહેવાતા બનાવની તેઓને કોઈ જાતમાહિતી નથી. આ કહેવાતુ પંચનામુ તેઓની હાજરીમાં અને તેઓએ લખાવ્યા મુજબનુ શબ્દસહ: લખી લેવામાં આવેલ હોય તેવી કોઈજ હકીકત આ સાહેદ જણાવતા ના હોય અને તે સંજોગોમાં તપાસ કરનાર દ્વારા જે ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ છે તેની કાર્યવાહી સંબંધે શંકા કુશંકા ઉત્પન્ન થાય છે.

(૧૯).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૩૦ થી સાહેદ ડોકટર રીનાબેન કૌશિકભાઈ ચોકસીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, તા. ૨૭–૬–૨૦ ના રોજ હું સોલા સિવીલ હોસ્પિટલના શબ પરીક્ષણ ઘર ખાતે મારી ફરજ પર હાજર હતી ત્યારે પી.એસ.આઈ. એસ. જે. વસાવા, સોલા હાઈકોર્ટ પો.સ્ટે. મનદેવી વા/ઓ મહેશભાઈ શ્યામરાજ જાતે કોળી ના શબને ઈન્કવેસ્ટ પંચનામા તથા મરણોત્તર ફોર્મ સાથે મારી સમક્ષ શબ પરીક્ષણ માટે લાવેલા. જેનું શબ પરીક્ષણ મે અને ડો. પ્રદિપભાઈ પટેલનાઓએ પેનલ પી.એમ. હ્નારા સવારે ૭–૩૦ કલાકે શરુ કરેલ અને ૯–૦૦ કલાકે પુર્ણ કરેલ હતુ. શબ ૨૧ વર્ષની સ્ત્રીનું હતુ જેને ગુલાબી કલરની સાડી બ્લાઉઝ, ચણીયો અને સફેદ બ્રા પહેરેલ હતી. તેણીના કપડા લોહી કે અન્ય કોઈ ડાઘથી ખરડાયેલા ન હતા. શબ ઓળખાયેલુ હતુ તે મધ્યમ બાંધાનું અને ઠંડુ હતુ, શબ અકડાઈ ગયેલુ હતુ. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના નોન પ્રેશર ભાગ પર જોવા મળતી હતી જે ફિકસ હતી. તેણીની બંન્ને આંખો બંધ હતી, મોંઢુ અર્ધ ખુલ્લુ અને દાંત દેખાતા હતા, મોંઢાના ડાબી બાજુએથી સલાઈવા દેખાતુ હતુ જે સફેદ કલરના સુકાયેલા ડાઘ વાળુ હતુ. આંગળીયોના નખ ભુરા હતા. બંન્ને હાથ થોડા વળેલા હતા, નાકમાંથી સફેદ કલરનું ફીણ નિકળતુ હતુ. ગુપ્ત ભાગ પર કોઈ ઈજા જણાયેલી નહી. શરીરના ગળાના ઉપરના અને આગળના ભાગે લિગેચર માર્ક દેખાતા હતા જે પીળાશ પડતા ભુખરા કલરના સુકાયેલો, કડક અને પાર્ચમેન્ટ જેવો ઘસરકાનો ઘા હતો, તે થાઈરોઈડ કાર્ટીલેજની ઉપર આવેલ હતો અને એક ખાડાની રીતે દેખાતો હતો. ગળાના મધ્ય ભાગથી તે ઉપરની તરફ અને પાછળની તરફ જતો હતો અને તે લાઈન ઓફ મેન્ડીબલની પેરેરલ જતો હતો. ડાબી બાજુએ તે માસ્ટોઈડ પ્રોસેસ સુધી પહોંચી ડાબા કાનની પાછળ થઈ બોચી સુધી જતો હતો, તે ૧૧ સેમીનો હતો. તે ડાઢીથી ૫ સેમીના અંતરે સુપ્રાસ્ટર્નલ ૮ સેમીના અંતરે અને મેન્ડીબલના ૩ સેમીના અંતરે આવેલ હતો. ૨.૫ * ૨ સેમીના સાઈઝનો લંબગોળ આકારનો ખાડો ગળાના મધ્ય ભાગથી જમણી બાજુએ ૧ સેમીના અંતરે આવેલ

હતો. લીગેચર માર્કની પહોળાઈ ૧–૧.૫ સેમીની અને બોચીના ભાગે ૨ સેમીની હતી. બાહ્ય ભાગની તપાસ કરતા કોઈ અસ્થી ભંગ જોવામાં આવેલ નહી. ઉપરની તમામ ઈજાઓ મરણ પહેલાની હતી. લીગેચર માર્કનું ડિસેકશન કરતા સફેદ કલરનું સુકાયેલો અને ચળકતો સફેદ કલરનો સબક્યુટેનશ ટીશ્યુનો પટ્ટો હતો, જેમાં થોડા લોહીના ટપકા જોવા મળતા હતા. માથાની આંતરીક તપાસમાં ઈજા જોવામાં આવેલ નહી તેમજ અસ્થિ ભંગ જોવા મળતા નહી. મગજ ભરાયેલુ હતુ. છાતીની આંતરીક તપાસમાં દિવાલ, પાંસળીયો, મૃદુ હાડકા, ફેકસાનો પડદો, કંઠેન્દ્રિય, શ્વાસનળી અને કલોમ સામાન્ય હતા. જમણુ અને ડાબુ ફેફસુ ભરાયેલા હતા અને તેને કાપતા ફીણ વાળુ લોહી બહાર આવતુ હતુ. જમણી તરફનું હૃદય લોહીથી ભરાયેલ હતુ અને ડાબી તરફનું હૃદય ખાલી હતુ. પેટની આંતરીક તપાસ કરતા દિવાલ, પેરીટોનીયમ, પોલાણ, મોઢુ બોખ, દાંત, જીભ અને કંઠનળી, અન્ન નળી સામાન્ય હતા. હોજરી ખાલી હતી. નાના અને મોટા આંતરડા ગેસથી ભરાયેલા હતા. યકૃત, પિતાશય, અન્નાશય અને અધિવૃક્કો, બરોળ, મુત્રપિંડો ભારયેલ હતા. પેશાબની કોથળી ખાલી હતી. જનેન્દ્રિય સામાન્ય હતી. કરોડ અને કરોડરજ્જુ સામાન્ય હતા. મારા અને ડો. પ્રદિપ પટેલના મંતવ્ય મુજબ મૃત્યુનું કારણ ફાંસો ખાવાને લીધે (હેંગીંગ) શરીરને ઓકસીજન ન મળવાને કારણે (એક્સફીસીયા) ને કારણે થયેલુ છે. મરણજનારનું મૃત્યુ કુદરતી મૃત્યુ ન હતુ. કોલમ નં.૧૭માં દર્શાવેલ ઈજાઓ લટકવાને કારણે મૃત્યુ નિપજાવવા પુરતી હતી. હું આજરોજ મારી સાથે પોલીસે આપેલ યાદી તથા તે સાથેનું ઈન્કવેસ્ટ પંચનામું અને મરણોત્તર ફોર્મ લાવેલ છુ, જે રજુ કરુ છુ. મને કોર્ટના રેકર્ડમાંથી નિશાની ૯/૭ થી રજુ થયેલ અસલ પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથની સ્લીપ બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં છે અને પી.એમ. નોટ નીચે મારો હોદ્દો અને સહી છે જે હું ઓળખુ છુ .

(૧૯.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, મારો પી.એમ. કરેલ તે ફરજનો સમય સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી હતો. હવે મને યાદ આવે છે કે મારી ફરજનો સમય

હોસ્પિટલ ખાતે રાત્રે ૮ થી સવારે ૮ સુધીનો હતો. પી.એમ. માટે શબ મને રાત્રીના બીજા દિવસે તારીખ ૨૭ નાં રોજ ૧૨–૩૦ કલાકે સોંપેલ. એ હું કઈ શકુ નહી કે શબને ક્યા વાહનમાં લાવેલા. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે, સામાન્ય રીતે શબ વાહીનીમાં લાવતા હોય છે. એ વાત ખરી નથી કે, મે આ કામનો અભિપ્રાય પોલીસે યાદી સાથે રજુ કરેલ ઈન્કવેસ્ટ પંચનામા આધારે જણાવેલ છે. એ હું ચોક્કસ કહી શકુ નહી કે ગુજરી ગયાના કેટલા સમય બાદ બોડી ઠંડુ પડી જાય. વ્યક્તિ ગુજરી જાય ત્યારે તેનું અકડાવવાની પ્રોસેસ શરુ થઈ જાય જે ૧૨ કલાકમાં સંપુર્ણ અકડાય જાય. એ વાત ખરી છે કે શબ ઉપર ગળાના ભાગે લીગેચર માર્ક સિવાય અન્ય શરીરના ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા. એ વાત ખરી નથી કે, પી.એમ. રીપોર્ટ ઉપર મારી સહી નથી. એ વાત ખરી છે કે મે આ જુબાની આપતા પહેલા પી.એમ. રીપોર્ટનો અભ્યાસ કરેલ છે.

(૧૯.૨).. આમ, આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ એક મેડીકલ ઓફિસર છે અને તેઓની સમક્ષ મરણ જનારની લાશનુ પી.એમ. કરવા યાદી સાથે આવતા તેઓએ તે લાશનુ પી.એમ. કરેલ છે તેમજ તેઓના પુરાવા મુજબ મરણ જનારના શરીર ઉપર ગળાના ભાગે લીગેચર માર્ક સિવાય બીજા કોઈ ઈજાના નિશાનો ન હતા અને તે જોતા મરણ જનારને કોઈ મારઝુડ કરવામાં આવેલ હોય અને તે કારણે તેને શરીરે કોઈ ઈજા થયેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી.

(૨૦).. વધુમાં ફરિયાદી તરફે આંક:૩૫થી સાહેદ શૈલેષભાઈ જાનીયાભાઈ વસાવાને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાંના પુરાવામાં સરતપાસમાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, ૨૦૨૦ની સાલમાં અમો સોલા હાઈકોર્ટ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.ઓ.ની સુચનાથી બનાવવાળી સ્થળે જઈ આ કામના જાહેરાત કરનાર મહેશભાઈ કોળીનાઓની જાહેરાતના આધારે અ.મોત નં.૪૪/૨૦૨૦ દાખલ કરેલ. ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ

આ કામના મરણ જનારનાઓનું ઈન્કવેસ્ટ પંચનામું, મરણોત્તર ફોર્મ ભરી, મેડીકલ ઓફીસર સોલા સિવીલ હોસ્પિટલનાઓને પી.એમ. માટેની યાદી આપી. ત્યારબાદ એફ.એસ.એલ.ને સ્થળ પરીક્ષણ કરવા એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલા અને સ્થળ પરીક્ષણ દરમ્યાન તેઓની સુચનાથી સાડી પંચનામાની રૂહે કબ્જે કરેલ જે એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલી આપેલ. પી.એમ. થયા બાદ લાશને કોલ્ડ સ્ટોરેજમાં રાખેલ અને તે અંગેની નોંધ કરેલી, મને નિશાની ૯/૯ થી રજુ થયેલ સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા અંગેનો રીપોર્ટ જે અમોએ તૈયાર કરેલ જેમાં મારી સહી ઓળખી બતાવુ છુ, ત્યારબાદ સદરહું ગુનાની તપાસ પી.એસ.આઈ. શ્રી અકબરીનાઓ સંભાળી લીધેલી હતી. મને આંક–૩૦થી રજુ થયેલ મરણોત્તર પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં બે પંચોની તથા રૂબરૂમાં મારી સહી છે જે તેજ છે અને આંક–૩૩ થી રજુ થયેલ મરણોત્તર ફોર્મ છે તેમા મારી સહી છે જે તેજ છે. મને આંક–૨૫ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનું પંચનામુ જે અમોએ બે પંચો બોલાવી પંચોના લખાવ્યા મુજબ પંચનામું લખી લઈ પંચોની સહી મેળવી રૂબરૂમાં મે સહી કરેલી જે સહી હું ઓળખી બતાવુ છુ. આજરોજ નામ. કોર્ટમાં કબ્જે કરેલ મુદ્દામાલ સાડી બતાવવામાં આવે છે, જે તેજ છે જે હું ઓળખી બતાવુ છુ.

(૨૦.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતા બનાવની જાણ પી.એસ.ઓ.માં કોણે કરી તેની મને ખબર નથી. એ મને ખબર નથી કે બનાવ વખતે ઘરમાં કોઈ હાજર હતુ કે કેમ. એ વાત ખરી છે કે આ કામનું ઈન્કવેસ્ટ પંચનામું મે તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ રાત્રી ૨૦/૩૦ કલાકે તૈયાર કરેલ. ઈન્કવેસ્ટ પંચનામાના પંચોને હોસ્પિટલમાંથી બોલાવેલ હતા. એ વાત ખરી છે કે મેં બનાવવાળી જગ્યાનું પંચનામું તા.૨૭/૦૬/૨૦ ના રોજ તૈયાર કરેલ છે. મેં એફ.એસ.એલ. અધિકારીને ફોન કરી તેમજ યાદીથી બોલાવેલ હતા. પંચોને મારી રૂબરૂ બોલાવેલા હતા. એ વાત ખરી નથી કે ફરીયાદીને મદદરૂપ થવા ખોટી જુબાની આપુ છુ.

(૨૦.૨).. આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ એક પોલીસ અધિકારી છે અને તેઓએ આક્ષેપીત ગુનાના કામે જે જે કામગિરી કરેલ છે તેને અન્ય સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળવુ ખુબજ જરુરી છે. વધુમાં આક્ષેપીત ગુનાના કામે આ સાહેદે ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલાનુ જણાવે છે પરંતુ તેના પંચ સાહેદ ફરી ગયેલા છે અને તે જોતા આ સાહેદની સદર પંચનામાની જે કાર્યવાહી કરેલ છે તેને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. તેમજ તેઓનો પુરાવો જોતા તેઓએ તેમની ફરજના ભાગરુપે આક્ષેપીત ગુનાના કામે કામગિરી કરેલ હોવા સિવાય બીજી કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવતી નથી.

(૨૧).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૩૭ થી સાહેદ મુકેશભાઈ અમરાભાઈ પટેલને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની સરતપાસના પુરાવામાં એવી વિગતે પુરાવો આપે છે કે, હું ૨૦૨૦ની સાલમાં મદદનીશ પોલીસ કમિશ્નર, તરીકે "એ" ડીવીઝન અમદાવાદ શહેરમાં ફરજ બજાવતો હતો ત્યારે સોલા હોઈકોર્ટ પો.સ્ટે. ની હદમાં અકસ્માત મોત દાખલ થયેલી અને તે તપાસ દરમ્યાન અ.મોતની જાત તપાસ બનતી હોય ફરીયાદ ગયા પ્રસાદ ઉદયરાજ બાબુનાઓએ તેની ફરીયાદ હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી. ફરીયાદ લીધા બાદ ગુનો દાખલ કરવા માટે મે સુચી પત્રક બનાવેલ અને તેમાં સહી કરી હોદ્દો બાંધેલો તે સુચીપત્ર નિશાની ૯/૨ થી આ કામે રજુ છે .ત્યારબાદ ગુનો દાખલ કરવા માટે ફરીયાદ પી.એસ.ઓ.ને મોકલી આપેલી. ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ પો.એસ.આઈ. ટી.આર.અકબરીનાઓએ સંભાળી લીધેલી. મને આંક-૧૩ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે મેં જ લીધેલી ફરીયાદ છે.

(૨૧.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ તા.૨૬/૦૬/૨૦૨૦ના રોજ બનેલ છે અને તેની ફરીયાદ તા.૨૯/૦૬/૨૦૨૦ના રોજ લીધેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે બનાવ સમયે અ.મોત દાખલ થયેલ અને તેની

તપાસમાં મરણ જનારના પિયર પક્ષના લોકો ઉત્તર પ્રદેશ ખાતે રહેતા હોય અને તેઓએ ત્યાંથી આવી ગુનાની હકીકત જણાવતા ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, અમો ગુનાની તપાસ કર્યા બાદ જ ગુનાની ફરીયાદ દાખલ કરીએ છીએ. એ વાત ખરી છે કે અ.મોતની અન્વયેની શરુઆતની પ્રાથમીક તપાસ મેં કરેલી નથી. મેં અ.મોતની મારી તપાસમાં બનાવવાળી જગ્યાની આજુબાજુના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે બનાવને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૨૧.૨).. આમ, આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ એક પોલીસ કર્મી છે અને તેઓની સમક્ષ ફરિયાદીએ ફરિયાદ લખાવતા તેઓના લખાવ્યા મુજબની તેઓની ફરજના ભાગરુપે લખી લીધેલ છે અને તે સંબંધે ગુનો દાખલ થયા બાદ તેની તપાસ આ કામના તપાસ કરનારને મોકલી આપેલ તે મતલબનો પુરાવો આપે છે. આ સિવાય તેઓએ આક્ષેપીત ગુનાના કામે બીજી કોઈ મહત્વની તપાસ કરેલ હોય કે કોઈના નિવેદન લીધેલા હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૨૨).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૪૦થી સાહેદ તૃપ્તી રમણીકભાઈ અકબરીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની સરતપાસના પુરાવામાં એવી વિગતે પુરાવો આપે છે કે, હું સને ૨૦૨૦ની સાલમાં સોલા હાઈકોર્ટ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતી ત્યારે એ.સી.પી. એ–ડિવીઝનનાઓની રૂબરૂમાં ફરીયાદીશ્રી ગયાપ્રસાદનાઓની ફરીયાદ આપેલી. જે ફરીયાદની તપાસ અમો તરફ આવતા અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે સૌપ્રથમ ફરીયાદી ગયાપ્રસાદનાઓએ લગ્નની કંકોત્રી રજુ કરેલી જે નિશાની ૯/૩ થી રજુ છે જે તેજ છે, જે હું ઓળખી બતાવુ છુ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓ નામ. કોર્ટના હુકમના આધારે આગોતરા જામીન લઈ આવેલા તેઓને યોગ્ય કાર્યવાહી કરી જામીન મુક્ત કરેલા. તપાસના કામે કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલ જે અંગેની

પહોંચ આવેલી જે કામમાં સામેલ રાખેલી મને નિશાની ૯/૧૦ થી રજુ કરેલ એફ.એસ.એલ.ની પહોંચ બતાવવામાં આવે છે જે તે છે તથા એફ.એસ.એલ.નો ફોરવડીંગ તથા અસલ અભીપ્રાય આવતા તેને કામમાં મોકલી આપેલ, મને નિશાની ૧૧/૧ તથા ૧૧/૨ થી રજુ થયેલ ફોરવડીંગ લેટર સાથેનો અભીપ્રાય બતાવવામાં આવે છે, જે તેજ છે, મને આજરોજ નામ. કોર્ટમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી સાડી બતાવવામાં આવે છે જે તેજ જે મેં તપાસના કામે કબ્જે લીધેલી હતી. આરોપીઓ પૈકી એક આરોપી નામ. કોર્ટમાં હાજર નથી જો હાજર હોત તો ઓળખી બતાવેત અને અન્ય આરોપીઓને હું ઓળખી બતાવુ છુ.

(૨૨.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ બનાવની તપાસ મેં નિષ્પક્ષ રીતે કરેલ છે. બનાવ બન્યો તે સમયેની શરુઆતની તપાસ મેં કરેલી નહી. એ વાત ખરી છે કે મેં આ કામે આડોશી પાડોશીમાંથી નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે, મેં જે સાહેદોના નિવેદનો લીધેલા તેમાં દહેજ અંગેના કોઈ ખુલાસો નથી. એ હાલ મને યાદ નથી કે, દહેજમાં કેટલા રૂપીયાની કઈ ગાડીની માંગણી કરેલી તેવુ તપાસમાં આવેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે, આરોપીઓએ ક્યારેય દહેજમાં ગાડીની માંગણી કરેલી નથી. એ વાત ખરી છે કે, આ બનાવ અંગેની સંપુર્ણ તપાસ મેં કરેલ નથી. એ વાત ખરી છે કે મને બતાવેલ મુદ્દામાલમાં કોઈપણ ઓબ્જેકશનેબલ માર્ક કે ડાઘ ધબ્બા નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદને સમર્થન આપવા હું ખોટી જુબાની આપુ છુ.

(૨૨.૨).. આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ પણ એક પોલીસ અધિકારી છે અને તેઓને આક્ષેપીત ગુનાની તપાસ મળતા તેઓએ આક્ષેપીત ગુનાની તપાસ તેઓની ફરજના ભાગરુપે કરેલી છે, તે સિવાય તેઓએ તેમના પુરાવામાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે એ વાત ખરી છે કે મેં આ કામે આડોશી પાડોશીમાંથી નિવેદનો લીધેલા નથી. આમ, જયારે જે બનાવ બનેલ છે તે ભોગ બનનારની સાસરીના ઘરે બનેલ છે અને ભોગ બનનાર

લગ્ન બાદ તેણીની સાસરીના ઘરે રહેતી હતી અને તેથી સ્વાભાવિક રીતે જ ભોગ બનનાર અને આરોપીઓ વચ્ચે કોઈ મન દુ:ખ રહેતુ હોય કે ઝઘડા થતા હોય તો તેની માહિતી આજુબાજુના પાડોશીઓને હોય જ. પરંતુ આ સાહેદે આવા કોઈ આજુબાજુના સાહેદોના નિવેદન લીધેલા નથી અને તે જોતા સાહેદે જે તપાસ કરેલી છે તેમાં ઘણી બધી તૃટીઓ રહી જવા પામેલી છે અને તેનો સીધો લાભ આરોપીઓને ફાળે જાય છે.

(૨૩).. વધુમાં ફરિયાદી તરફે આંક: ૪૫ થી સાહેદ મુકેશભાઈ અમરાભાઈ પટેલને સોંગદપર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની સરતપાસના પુરાવામાં એવી વિગતે પુરાવો આપે છે કે, હું સને ૨૦૨૦ની સાલમાં એ.સી.પી. એ–ડિવીઝન ખાતે મારી ફરજ પર હતો ત્યારે સોલા પો.સ્ટે. ખાતે નોંધાયેલ અ.મોતની તપાસ પી.એસ.આઈ. એમ.જે.વસાવાનાઓ કરતા હતા, પરંતુ મરણ જનાર મનુદેવીને લગ્ન ગાળો બે વર્ષનો હોય જે અ–મોતની તપાસ અમારી જાત તપાસ બનતી હોય આગળની તપાસ અમોએ સંભાળી લીધીલે અને બનાવવાળી જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ અમારી તપાસ દરમ્યાન અમોએ ફરીયાદી ગયાપ્રસાદ ઉદયરાજ બાબુ કોરીનાઓએ તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ અમારી રૂબરૂ તેઓની ફરીયાદ હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લઈ તેઓની એટલે કે, ફરીયાદીની સહી મેળવી રૂબરૂપણામાં મેં મારી સહી કરેલી. મને આંક–૧૩ થી રજુ થયેલ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં ફરીયાદીની તથા રૂબરૂપણામાં મેં કરેલી મારી સહી હું ઓળખી બતાવુ છુ. ત્યારબાદ ગુનો રજી. કરવા સારૂ સુચીપત્ર સાથે ફરીયાદ સોલા પો.સ્ટે. ખાતે મોકલી આપેલી. મને આંક–૩૮ થી રજુ થયેલ સુચીપત્ર બતાવવામાં આવે છે જેમાં મેં કરેલ મારી સહી ઓળખી બતાવુ છુ.

(૨૩.૧).. જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મેં આ કામે આડોશી પાડોશીના નિવેદનો લીધેલા. એ વાત ખરી છે કે, મેં આ કામની તપાસ અન્વયે ગાયત્રીબેન, ઉમાકાન્ત યાદવ અને રશ્મીબેનના નિવેદનો લીધેલા છે. એ વાત ખરી નથી

કે, આ કામની ફરીયાદ મેં લીધેલ હોય તેને સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૨૩.૨).. આમ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ પણ એક પોલીસ ઓફિસર છે અને તેઓને આક્ષેપીત ગુનાની તપાસ મળતા તેઓએ આક્ષેપીત ગુનાની તપાસ તેઓએ તેમની ફરજના ભાગરુપે કરેલ છે તે મતલબનો પુરાવો આપે છે આ સિવાય બીજી કોઈ મહત્વની વિગતે પુરાવો આપતા નથી.

(૨૪).. વધુમાં આ કામે આ સિવાય અન્ય કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફે રેકર્ડ પર આવેલ નથી અને સરકારી વકીલશ્રીની મૌખિક રજુઆતને ધ્યાને લઈ ફરિયાદી તરફે અન્ય કોઈને તપાસવામાં આવેલા નથી. આમ, ફરિયાદી તરફે રજુ પુરાવો ફરિયાદી ખુદ તેમના પુરાવામાં જણાવે છે કે આરોપીઓએ તેઓની પાસે કોઈ દહેજની માંગણી કરેલ નથી, તેમજ ફરિયાદી તેના પુરાવામાં જણાવે છે કે, હાલની ફરિયાદ અગાઉ તેઓની દિકરીને ત્રાસ હોવા સંબંધેની કોઈજ ફરિયાદ કરેલ નહી, તેમજ ફરિયાદીને છેલ્લે તેઓની દિકરી સાથે તારીખ: ૨૫/૬/૨૦૨૦ નારોજ વાત થયેલી અને તે વખતે તેઓની દિકરી તેઓને રડતા રડતા કહેતી હતી કે પપ્પા મને બહુ મારે છે અને ઘરમાંથી કાઢી મુકશે તેણી બહુ દુ:ખી થઈ ગયેલ છે અને તેણીની પાસે ગાડી અને પૈસા માંગે છે, તેમજ આ કામે ફરિયાદમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો તા: ૨૫/૬/૨૦૨૦ ના રોજ રાતના અગિયાર એક વાગ્યાના સુમારે તેઓની દિકરીનો તેમના ઉપર મોબાઈલ ફોન આવેલ હતો અને ફોનમાં તેઓની દિકરીએ રડતા રડતા કહેલ કે તેના પતિ તથા સાસરી પક્ષના લોકો તેણીને ખુબ જ ત્રાસ આપે છે અને ખુબ જ મારઝુડ કરે છે અને દહેજ પણ માંગે છે અને ત્રાસ તેણીથી સહન થતો નથી અને તેણીને આવીને લઈ જાવ અને જો નહી લઈ જાવ તો તેણી તેનુ જીવન ટુંકાવી દેશે તેમ જણાવેલ. આમ, જો ખરેખર તેઓની દિકરીને સામાવાળા ખુબ મારઝુડ કરતા હોય અને તેઓની દિકરીએ જો આક્ષેપ મુજબની વાત રડતા રડતા રાતના અગિયાર વાગે જણાવેલ હોય તો કોઈપણ વ્યકિત સ્વભાવિક રીતે ઘરના બીજા સભ્યોને આ સંબંધે વાત કરે તેમજ તેઓની સમાજના કે ઘરના નજીકના સગા હોય તેને વાત કરે કે દિકરીની સાસરી પક્ષના

માણસોને ફોન કરીને વાત કરે અથવા તો દિકરીની સાસરીએ જવા સારુ તૈયારી કરે અને દિકરીને સાંત્વના આપે કે તું કાંઈ કરતી નહી, અમે લોકો આવીએ છીએ અને પોલીસમાં પણ જાણ કરે. જયારે ફરિયાદીએ આવુ કાંઈ કરેલ નથી અને તેઓની દિકરી સાથે જે વાત થયેલ તેની જાણ પણ અન્ય કોઈને કરેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાવતા નથી અને તે જોતા ફરિયાદીનુ વર્તન શંકાસ્પદ બને છે. વધુમાં ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓની દિકરીએ તેઓને વાત કરેલ કે આ લોકો બહુ માર મારે છે જયારે આ કામે જે મેડીકલ ઓફિસરનો પુરાવો રેકર્ડ પર આવેલ છે તે જોતા મરણ જનારના શરીર ઉપર ગળાના ભાગે જે લીગેચર માર્ક આવેલ છે તે સિવાય બીજા કોઈ ઈજાના નિશાનો જણાઈ આવેલા નહતા. વધુમાં ફરિયાદી તરફે તેઓની પત્નીનો જે પુરાવો આવેલ છે તેમાં તેઓની પત્નીએ પણ કબુલ કરેલ છે કે આરોપીઓએ તેઓની પાસે કોઈ દહેજની માંગણી કરેલ નહી તેમજ આ સાહેદના પુરાવા મુજબ ચાર મહીના પહેલા તેણી તેઓની દિકરીના દિયરના લગ્નમાં આવી બે દિવસ રોકાયેલ હતી અને તે વખતે તેણીની દિકરીને આરોપીઓ સાથે ઝઘડો થયેલ હતો તેમ જણાવે છે, પરંતુ આવી મહત્વની વિગત તેણીએ પોલીસ રુબુરમાંના નિવેદનમાં લખાવેલ નહી, તેમજ બનાવ બે –ત્રણ દિવસ પહેલા પણ તેણીની દિકરી સાથે જો તેણીને વાત થયેલ હોય તે વખતે પણ જો તેણીને તેની સાસરીવાળા તરફથી ત્રાસ હોય તો તેણીએ ચોકકસ તેવી વાત જણાવેલ હોત અને છેલ્લ ે જયારે બનાવના આગલા દિવસે વાત થઈ ત્યારે તેણીના પતિ સાથે તેણીની દિકરીને વાત થયેલાનુ જણાવે છે પરંતુ જો તેણીને દિકરીએ એમ જણાવેલ હોય કે તેણીને આ લોકો બહુ મારે અને તેનાથી સહન થતુ નથી અને તેણી તેનુ જીવન ટુંકાવી દેશે જો આવી વાત તેણીના પતિએ તેણીએ કરેલ હોય તો તેણીએ ચોકકસ સામે ફરીથી તેણીની દિકરીને અથવા તો તેણીના સાસરીપક્ષના લોકોને ફોન કરેલ હોત પરંતુ આવું બનેલ નથી કે તેણીના પતિએ વાત કરેલ હોય તેવી પણ કોઈજ હકીકત જણાવતી નથી તેમજ બીજા અન્ય સાહેદ કે જેઓ ફરિયાદીના સમાજના છે અને તેઓ ફરિયાદીને ઓળખે છે અને તેઓ શ્યામરાજ કોરીને પણ ઓળખે છે પરંતુ તેઓ તેમના ઘરે કયારેય ગયેલા નથી તેમજ તેઓ

મરણ જનારને કયારેય મળેલા પણ નથી, અને તે રીતે આ સાહેદને બનાવની કોઈ માહીતી નથી આ સાહેદ હીયર સે વિટનેસ છે અને બનાવની જાણ થયા બાદ પણ બનાવ કેવી રીતે બનેલ છે તે બાબતે કોઈપણ તપાસ કરેલી નથી. વધુમાં બીજા એક સાહેદ તેઓ પણ ફરિયાદીના સગા થાય છે અને તેઓ આરોપીને પણ ઓળખે છે, પરંતુ તેઓ પણ આરોપીઓના ઘરે ગયેલા નથી કે તેઓને બનાવ પહેલાની કોઈ માહીતી નથી, તેમજ બીજા એક સાહેદ જે મરણ જનારના મામા થાય છે અને તેઓ પણ બનાવ સંબંધે કોઈ જ મહત્વની હકીકત જણાવતા નથી, પંચ સાહેદો ફરી ગયેલા છે, અન્ય બીજા જે સાહેદો તપાસવામાં આવેલા છે તેમાં એક સાયન્સટીફીક ઓફિસર, બીજા મેડીકલ ઓફિસર તેમજ પોલીસ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓનો પુરાવો જોતા તેઓએ તેમની ફરજના ભાગરુપે કાર્યવાહી કરેલી છે તે સિવાય બીજી કોઈ જ મહત્વની વિગત રેકર્ડ પર આવતી નથી, તેમજ તપાસ કરનારે જે તપાસ કરેલી છે તેને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી તેમજ મેડીકલ ઓફિસરનો પુરાવો જોતા મરણ જનારના શરીર ઉપર ગળાના ભાગે આવેલ લીગેચર માર્ક સિવાય બીજા કોઈ મહત્વના નિશાન જણાઈ આવતા ના હોય તે જોતા આરોપીઓ પૈકી નં. ૨ અને ૩ નાએ ફરિયાદીની દિકરી ભોગ બનનાર/મરણ જનાર સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરી મ્હેંણા ટોણા મારી ગંદી ગંદી ગાળો બોલી તેમજ એવા મહેંણા મારતા કે '' તારા બાપાએ લગ્ન વખતે દહેજમાં કાંઈ આપ્યુ નથી તો તારા બાપાને કે પૈસા આપે અને મારા દિકરા માટે ગાડી આપે '' તેમજ આ બાબતેની જાણ તમો આરોપી નં.૧ ને ભોગ બનનારે કરતા તમોએ તેણીને ગંદી ગાળો બોલી કહેલ કે '' તારે ઘરમાં રહેવુ હોય તો જેમા મારા માતા પિતા રહે છે તે પ્રમાણે તારે કરવુ પડશે અને તારે પૈસા અને ગાડી તો આપવી જ પડશે '' તેમજ તમો આરોપી નં.૧ નાએ પટ્ટાથી તથા તમો આરોપી નં.૨,૩,૪ અને ૫ નાએ કપડા ધોવાના ધોકાથી ભોગ બનનારને માર મારી તમો આરોપીઓએ ફરિયાદીની દિકરીને શારીરીક અને માનસિક ત્રાસ આપી અવાર નવાર દહેજની માંગણી કરી ગંદી ગંદી ગાળો બોલી મારઝુડ કરતા હોય જે ભોગ બનનારથી સહન ના થતા ભોગ બનનારે તેની સાસરીના ઘરમાં ધાબામાં લગાવેલ હુકમાં સાડી બાંધી આત્મહત્યા કરેલ

અને આમ, તમો તમામ આરોપીઓએ ભોગ બનનાર સાથે દુષ્પ્રેરણ કરી આત્મહત્યા કરવા મજબુર કરી ગુનો કરેલ હોય તે મતલબની કોઈ હકીકત રેકર્ડ પર આવતી ના હોય અને તે બાબત ફરિયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડતા ના હોય તેમજ જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે પુરાવો જોતા તે એક કડી બીજી કડીને સાંકળે તે રીતે એક હરોળમાં આવેલ ના હોય અને તેમા શંકા ઉત્પન્ન થતી હોય, આમ, રેકર્ડ પર આવેલ પુરાવો જોતા ફરિયાદીપક્ષ પોતાનો કેસ એક કડી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રેકર્ડ પર રજુ કરી આ કામના આરોપીઓએ આક્ષેપીત કૃત્ય આચરેલ છે તે રીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ નિવડતા નથી કે ફરમાવેલ તહોમતનામુ પુરવાર કરવામાં સફળ નિવડતા ન હોય અને અને તેના પરીણામ સ્વરુપ મુદ્દા નં.૧,૨,૩ નો જવાબ ઉપરોકત કરેલી વિગતે નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ સંબંધે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

--:: **હુ ક મ** ::-

(૧) આ કામના આરોપી ૧. મહેશ શ્યામરાજ કોરી, ૨. સુરેશભાઈ શ્યામરાજ કોરી, ૩. ફુલમતી શ્યામરાજ કોરી, ૪. ખુન્ના ઉર્ફે બિમલા શ્યામરાજ કોરી અને ૫. શ્યામરાજ બ્રીજલાલ કોરી, તમામ રહે. ૩૧૩, રણછોડ નગર વિભાગ-૩, જગતપુર, ચાંદલોડીયા, અમદાવાદને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪-ખ તથા દહેજ પ્રતિબંધક ધારાની ક: ૩, ૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રીમીનલ પ્રોસીજર કોડમાં તાજેતરમાં દાખલ કરાયેલ સદર કાયદાની કલમ ૪૩૭(એ)(૧) મુજબ સંભવીત અપીલના હેતુ માટે, ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે, દરેક આરોપીએ અલગ અલગ રીતે રૂા.૧૫,૦૦૦/- (અંકે રુપિયા પંદર હજાર

પુરાના) જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ **મુદ્દામાલ પાવતી નંબર: ૨૦૨/૨૦૨૦, તા: ૨૭/૬/૨૦૨૦**માં જણાવ્યા મુજબના મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ, આજરોજ તા.૦૮મી માહે–મે, ૨૦૨૪નાં રોજ ખુલ્લી આદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૦૮ /૦૫/૨૦૨૪<br>મુકામ : અમદાવાદ<br><br>(એસ.ટી. શ્રીમાળી)<br>પી.એ. | **(પી.પી. પુરોહીત)**<br>સાતમાં એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,<br>અમદાવાદ(રુરલ), અમદાવાદ.<br>**જી.જે. ००६८५** |

District & Sessions Court
सत्यमेव जयते
Ahmedabad[Rural]